
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૭ || અંક: ૭ || જુલાઈ ૨૦૨૫ || સળંગ અંક : ૬૪૫

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चरुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते ।

CHARUTAR VIDYA MANDAL
(Est: 1945)
Vallabh Vidyanagar-388120
www.vvidyanagar.ecvm.net

# ચારુતર વિદ્યામંડળના આદ્યસ્થાપકોને આદરાંજલિ



વલ્લભ વિદ્યાનગર અને ચારુતર વિદ્યામંડળના આદ્યસ્થાપક અને ભૂતપૂર્વ અધ્યક્ષ **સ્વ.પૂ. ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ (ભાઈકાકા)**ની જન્મજયંતિ નિમિત્તે વલ્લભ વિદ્યાનગર ખાતે આવેલ પૂ.ભાઈકાકાની પ્રતિમા તથા સમાધિએ તા.૭/૦૬/૨૦૨૫ ને શનિવારના રોજ પુષ્પાજંલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખશ્રી મનીષભાઈ પટેલ, માનદ્‌મંત્રીશ્રી ડૉ. એસ. જી. પટેલ, માનદ્ સહમંત્રીશ્રીઓ રમેશભાઈ તલાટી, શ્રી મેહુલ ડી. પટેલ તથા સુશ્રી વિનોદીનીબેન બી. પટેલ, ચારુતર વિદ્યામંડળની સંસ્થાઓના આચાર્યશ્રીઓ/વડાશ્રીઓ તથા મંડળના કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા અને પૂ. ભાઈકાકાને પુષ્પાજંલિ અર્પણ કરી હતી.



વલ્લભ વિદ્યાનગર અને ચારુતર વિદ્યામંડળના આદ્યસ્થાપક અને ભૂતપૂર્વ માનદ્‌મંત્રી **સ્વ.શ્રી ભીખાભાઈ કુબેરભાઈ પટેલ (ભીખાભાઈ સાહેબ)**ની જન્મજયંતિ નિમિત્તે વલ્લભ વિદ્યાનગર ખાતે બીબીઆઈટી-ઈસ્કોન મંદિર સામે આવેલ પૂ.ભીખાભાઈ સાહેબની પ્રતિમાએ તા.૧૯/૦૬/૨૦૨૫ને ગુરૂવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પુષ્પાજંલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખશ્રી મનીષભાઈ પટેલ, માનદ્ સહમંત્રીશ્રી રમેશભાઈ તલાટી, સીવીએમ યુનિવર્સિટીના ઈન્ચાર્જ પ્રોવોસ્ટ પ્રો.(ડૉ.) હેમંત ત્રિવેદી, રજીસ્ટ્રાર પ્રો.(ડૉ.) સંદીપ વાલીયા, સુશ્રી વિનોદીનીબેન બી. પટેલ, ચારુતર વિદ્યામંડળ સંચાલિત સંસ્થાઓ-શાળાઓ તથા સીવીએમ યુનિવર્સિટીની સંસ્થાઓના આચાર્યશ્રીઓ/વડાશ્રીઓ, હોદ્દેદારો તથા મંડળના કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા અને પૂ. ભીખાભાઈ સાહેબને પુષ્પાજંલિ અર્પણ કરી હતી.

વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

જુલાઈ-૨૦૨૫
વર્ષ : ૨૭ અંક : ૭
સળંગ અંક : ૬૪૫

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ : ૧૯૪૫



**તંત્રી**
ઉર્વીશ છાયા
**પરામર્શન**
ભગીરથ બ્રહ્મભટ્ટ
**સંપાદક મંડળ**
આર. કે. માંડલિયા ● મનીષા રાઠોડ
ભીખાભાઈ દેસાઈ ● રાજીવ પટેલ
**પ્રકાશક**
ડૉ. એસ. જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
●
**મુદ્રક**
સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

**પ્રમુખ**
શ્રી પ્રયાસ્વીનભાઈ બી. પટેલ
**ઉપપ્રમુખ**
શ્રી મનીષભાઈ એસ.પટેલ
**અધ્યક્ષ**
શ્રી ભીખુભાઈ બી. પટેલ
**માનદ્ મંત્રી**
ડૉ.એસ.જી.પટેલ
**માનદ્ સહમંત્રીઓ**
શ્રી મેહુલ ડી. પટેલ
શ્રી રમેશ સી. તલાટી શ્રી વિશાલ એચ. પટેલ

**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણસંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિતકલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેકનોલોજી, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કોલેજ ઑફ બિઝનેસ એન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી ●કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ● ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.

અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-
વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર www.vvidyanagar. ecvm. net પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

## લવાજમ અંગે નમ્ર વિનંતિ

'વિ-વિદ્યાનગર' ગ્રાહકશ્રીઓને નિયમિતપણે ચોક્સાઈપૂર્વક મોકલવામાં આવે છે. વિ-વિદ્યાનગરના આગામી અંકો પણ આપ સર્વેને નિયમિતપણે મળતા રહે તે માટે આપશ્રીનું **વાર્ષિક લવાજમ જો જમા કરાવવાનું બાકી હોય તો સત્વરે જમા કરાવવા વિનંતિ છે.** જેથી કરીને આપ સર્વેને અંકો મોકલવાની નિયમિતતા જળવાઈ રહે. દિવંગત થયેલા ગ્રાહકશ્રીઓના પરિજનોને અંક ચાલુ રાખવા કે બંધ કરવા તે અંગેની જાણ ચારુતર વિદ્યામંડળના કાર્યાલયને સમયસર કરવા માટે પણ નમ્ર વિનંતિ છે.

**ડૉ. એસ. જી. પટેલ**
માનદ્‌મંત્રી, ચારુતર વિદ્યામંડળ અને પ્રકાશક વિ-વિદ્યાનગર

**લવાજમ અંગેની વધુ માહિતી માટે**
શ્રી નિકુલભાઈ પટેલ (મો) ૯૯૦૯૯૦૯૮૩૩
ડૉ. ઉર્વીશ છાયા (મો) ૯૮૨૫૪૦૯૩૯૮
નો સંપર્ક કરી શકાય.


|| પ્રાથમ્ય || નવઘણ પથ............................૩
**એસ. જી.પટેલ**

|| આપણો વૈભવ અને વારસો ||
**ગદ્ય-વિભાગ :** લડાઈ કા તજુર્બા........................૪
**જવાહરલાલ નેહરુ**

|| આપણો વૈભવ અને વારસો || ...................૫
**પદ્ય-વિભાગ : દાસ મોરાર, અખોજી**

|| નવાં કાવ્યો || ........................................૬
**ગિરા પિનાકીન ભટ્ટ, ભગીરથ બ્રહ્મભટ્ટ, આબિદ ભટ્ટ**

|| અવલોકન || સર્જક દોસ્તોયેવસ્કીની દુનિયા.........૭
**મનોજ માહ્યાવંશી**

|| અભ્યાસ || 'ગ્રામ સ્વરાજ'ના વિચારોની પ્રસ્તુતતા....૧૧
**ભીખાભાઈ વી. દેસાઈ**

|| ચિંતન કણિકા || Shakespear Quote.........૧૭
**આર. કે. માંડલિયા**

|| પ્રાસંગિક || મેડે કૉલ ................................૧૮

|| સામાજિક || ઈમોશનલ બ્લેકમેઈલિંગ ................૧૯
**અર્જુનસિંહ કે. રાઉલજી**

|| પુસ્તક સમીક્ષા || હિયર, ધેર એન્ડ એવરિવ્હેર-સુધા મૂર્તિની શ્રેષ્ઠ વાર્તા........................................૨૧
**મનીષા રાઠોડ**

|| નવલિકા || અમર પ્રીત..............................૨૩
**નિશાબેન જે. વાઘેલા**

|| માનવતાની મહેક || રેવતી રમકડાંવાળી ................૨૮
**શીલા વ્યાસ**

|| સંસ્કૃતિ ||
કેદ એની એ છે ! દીવાલ બદલાઈ છે !..................30
**ચંદ્રકાન્ત પટેલ 'સરલ'**

|| વ્યક્તિ-વિશેષ || भाईकाका: विद्यानगर के शिल्पी...૩૪
**ખન્નાપ્રસાદ અમીન**

|| વૈશ્વિક ||
૧૨ જૂન-વિશ્વ બાળ મજુરી વિરોધી દિવસ................૩૫
**ભાનુ એમ. પરમાર**

|| વિદ્યાવૃત્ત || ................................૧૦, ૨૯, ૩૪




ISSN 0976-9609

## || પ્રાથમ્ય ||

### નવધણ પથ

**એસ.જી.પટેલ**

આપણે જીવનમાં બે ઇચ્છાઓ રાખીએ છીએ પ્રેમ આપવો અને પ્રેમ પામવો. વિશ્વમાં આપણને સંતોષ આપે તેવો પ્રેમ ભગવાન જ આપે છે અને તેટલા ભાવથી આપણે ભગવાનને ભજીએ છીએ. આવો તાત્ત્વિક સ્નેહ આપણામાં હોય છે. જે રીતે આપણે પ્રેમ પામીએ છીએ એ નવ-વીધ ભક્તિ (અધ્યાત્મ સેવા) થઈ જાય છે. આવી નવગણી અનંત પ્રક્રિયા પરમાત્મા પ્રત્યે આત્મામાં પ્રેમ જાગૃત કરે છે.

૧. **શ્રવણ-સાંભળવું :** આધ્યાત્મ પ્રવૃત્તિઓ સાંભળવાની ઘટના સાથે આવે છે. તેમાં આત્માનો અવાજ, પરમાત્મા, તેમનાં વિવિધ સ્વરૂપો, આશ્ચર્યજનક સદ્‌ગુણોનો સમાવેશ થાય છે. આપણે કોની પાસેથી સાંભળીએ છીએ ? પવિત્ર ધારણાઓ કે જેની અનુભૂતિ થઈ ચૂકેલી છે.

૨. **કીર્તન, મંત્રોચ્ચાર :** પરમાત્માની ઓળખ પુનઃસ્મરણ, દિવ્ય દર્શન, પવિત્રતા, ધૈર્યતા, નમ્રતા અને મધુરતા થકી થાય છે.

૩. **સ્મરણ, યાદ :** કુટેવ અને નકારાત્મક ચિંતન પ્રક્રિયાની ગુપ્ત અસર અર્ધભાન અવસ્થા તોડવી અઘરી હોય છે. ભક્તિ તેવા ગુણો બદલવા અસરકારક છે. ધ્યાન કેન્દ્રિત કરવાથી મનના ભાવો નિયંત્રિત થવા લાગે છે.

૪. **પદ, સેવા, કમળ સદન :** તેમાં પરમાત્માના કમલાસનની સેવાનો સમાવેશ થાય છે. વળી, પવિત્ર યાત્રાધામના દર્શનથી લાભાન્વિત થાય છે. જ્યારે આપણે હૃદયથી શ્રવણ કે મંત્રોચ્ચાર દ્વારા ભગવાનને યાદ કરીએ છીએ ત્યારે મન પ્રફુલ્લિત થાય છે.

૫. **અર્ચના, યાચના :** અર્ચના કે યાચના થકી આપણે પરમાત્મા સાથે સંલગ્ન થઈએ છીએ. ભક્તિ એટલે પૂજા આરતી. તેમાં ભૌતિક ચીજોનું અર્પણ વિશિષ્ટ પ્રાર્થના સાથે છે. તેના થકી આપણા સંકલ્પોનું એકીકરણ થાય છે. વળી આપણું શરીર ધ્યાન કેન્દ્રિત થવાની પ્રક્રિયામાં જોડાઈ છે.

૬. **વંદન પ્રાર્થના :** આપણી આધ્યાત્મિક આસ્થામાં પ્રાર્થના, આપણી અપેક્ષાઓ, એષણાઓ અને પ્રેમનો સમાવેશ થાય છે. એ પરમાત્મા સાથેનું જોડાણ મજબૂત બનાવે છે.

૭. **દશ્ય, નિઃસ્વાર્થ સેવા :** પ્રેમ એટલે જ સેવા. આત્માનો મૂળભૂત સ્વભાવ જ સેવા છે. આ પ્રેમભાવ દ્વારા નિઃસ્વાર્થ પ્રેમ અર્પણ કરવાનો છે. આ પ્રેમાળ સ્વભાવ જેમ જઠર શરીરના તમામ અંગોને પોષણ આપે છે, તેવો છે. પવિત્રભાવ જે ભગવાન સાથેનું તંદુરસ્ત જોડાણ છે.

૮. **સખી, દિવ્ય મિત્રતા :** ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે કે તે પોતે બધા માટે નિકટનો મિત્ર છે. સાચો મિત્ર એ છે સમયને નબળા અને સારા પ્રસંગે સેવામાં હાજર હોય. પ્રભુ હંમેશાં સાથ આપે છે જે એને ભજે છે. મૃત્યુ સમયે જ્યારે આપણે એમની સૌથી વધારે જરૂર છે. ત્યારે સાથે આવી, આપણને આધ્યાત્મિક ઘર સુધી દોરી જાય છે.

૯. **આત્મનિવેદન : આત્મ-સમર્પણ :** તન-મન-ધનનું સમર્પણ જ્યારે પરમાત્માને કરીએ ત્યારે અધર્મ પર ધર્મનો વિજય થાય છે. અહમ નાશ પામે છે. સમર્પણ એ સંપૂર્ણ પરાત્પર પ્રેમ આપવા બરાબર છે. આપણી પ્રાથમિક ભક્તિ હૃદયભાવથી કરવામાં આવે તો તે આપણને શુદ્ધ પ્રેમ આપે છે. આ બધામાં મંત્રોચ્ચાર (મનગત કે બોલીને) શુદ્ધતા તરફ દોરી જાય છે.

---

માનદ્ મંત્રી
ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર
ફોન (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
E-mail : sgpatel1948@gmail.com

## ॥ વૈભવ-વારસો : ગદ્ય વિભાગ ॥

## લડાઈ કા તજુર્બા

**જવાહરલાલ નેહરુ**

પિછલે પચાસ બરસ મેં દુનિયા મેં દો બડી લડાઈયાં હુઈ, લેકિન યુરોપ કે લોગોંને, એશિયા કે કુછ લોગોં ને, કુછ અમેરિકા કે લોગોં ને ભી એક જાતિ તજુર્બા હાંસિલ કિયા, કોઈ ઘર નહીં હૈ યૂરોપ મેં, કોઈ પરિવાર નહીં હૈ જિસ મેં સે કોઈ ન કોઈ રિશ્તેદાર, લડકા વગેરે લડાઈ મેં ન મર ગયા હો, કીસ પર ઉસકા અપના અસર હુઆ.

ઈસ કિસ્મ કા તજુર્બા હમેં જમાને સે હાંસિલ નહીં હુઆ હૈ. અકસર ઠોકર ખાકર હમ ગિરે, ફિર ઉઠે, ફિર ચલે, ઐસે કૌમેં બઢતી હૈં, લેકિન હિંદુસ્તાન કે લોગ વહ બાત પૂરી તરહ નહીં સમઝે, જો યુરોપ ઔર અમેરિકા કે લોગ સમઝે હૈ, ક્યોંકિ ઉનકો ઉન બડી લડાઈયોં કા તજુર્બા હૈ હમારે લિએ લડાઈ એક ઐસી ચીજ હૈ, જિસકે, હમ કિસ્સે-કહાનિયાં પઢતે હૈં, લેકિન ઉસકા એક તજુર્બા હમારે ઉપર નહીં હુઆ હૈં.

મુઝે કભી કભી એક કમી-સી નજર આતી થી કિ લોગ છોટી છોટી બાતોં મેં ફંસ જાતે હૈં, છોટે ઝઘડોં મેં ફંસ જાતે હૈં, બહસેં હોતી હૈં; કભી કભી વહ ફિરકાપરસ્તી મેં ફંસ જાતી હૈં, કભી ભાષા પર ઝગડે હોતે હૈં, કિસ તરહ સે ઈસ મેં સે નિકલ કર હમ જરા આપને દિમાગ કો ફૈલાએં, દિલ કો ફૈલાએં, ઔર સારે હિંદુસ્તાન કો અપને સામને રખેં ?

અબ એક ઐસા ઈત્તફાક હમારે સામને આ ગયા કિ હમેં હથિયારબંધ હોના પડતા હૈં, હથિયારોં કો લેકર લડાઈ લડની પડતી હૈં. હિન્દુસ્તાન કે ઉપર એક જબરદસ્ત હમલા બહુત દિનોં બાદ હુઆ હૈં. શાયદ ઈસ સવાલ કે કાફી નુકસાનદેહ પહલૂ ભી હૈં. લેકિન યહ શાયદ અચ્છા ઔર મુફીદ હો કિ યહ હમારે લોગોં કો જરા જગા દે ઔર દિખા દે કિ કૈસી દુનિયા મેં હમ રહતે હૈં. યહ એક બેરહમ દુનિયા હૈ, સખ્ત દુનિયા હૈ, જો કમજોરોં કે લિએ નહીં હૈ. ઔર તાકત તભી આતી હૈ જબ કિ હમ લોગ એક દિલ હોકર, મિલકર એક કૌમ હો કે કોઈ બડા કામ કરેં. ઔર અગર હર વક્ત આપસ મેં ફૂટ હો ઔર છોટી છોટી બાતોં પર બહસેં કરેં તો હમ કમજોર હોતે હૈં ઔર દૂસરે મુલ્ક હમે દબા સકતે હૈં, તો શાયદ હમેં ઈસ સે ફાયદા હો.

---

અરધી સદીની વાંચનયાત્રામાંથી સાભાર

---

એક ઝરણું જોઈને માની લેવું કે ક્યાંક મહાસાગર હશે જ એનું નામ શ્રદ્ધા
**– વિલિયમ વોર્ડ**

*"One cannot think well, love well, sleep well if one has not dined well."* - **M.F.K. Fisher**

 ISSN 0976-9609

## ।। વૈભવ-વારસો : પદ્ય વિભાગ ।।

### આંબો અમર છે

**દાસ મોરાર**

આંબો અમર છે રે સંતો !
કોક ભોમને ભાવે રે. - આંબો
ધતી તપાસી ધાર ખેડાવો,
કામના કુંડા કાઢો;
નિજ નામનાં બીજ મગવી,
વિગતેથી વવરાવો રે - આંબો
અકળ ધરાથી ઘડો મંગાવી,
હેતની હેલ્પ ભરાવો;
નૂરત સૂરત દોનું પાણી આરી,
પ્રેમ કરીને પીવરાવો. - આંબો
કાચા મોર તો ખરી જાશે,
ફૂલ ફળ પછી આવે;
હુકમદાર બંદા હાલે હજૂરમાં,
ખરી નીતસે ખાવે.. - આંબો
કાચાં ભડદાં કામ નૈ આવે,
જીરવ્યાં કેમ જીરવાશે;
ત્રણ ગુણનો ટોપો રખાવી,
જાળવો તો જળવાશે. - આંબો
ધ્યાન સાલે ધરા તપાસી,
રવિ સાબ તિયાં ભેળાં;
દાસ મોરાર ગુરુ રવિને ચરણે;
વરતી લીધી વેળા રે.
આંબો અમર છે રે સંતો !
કોક ભોમને ભાવે રે

આ કાયાવાડીમાં ભક્તિરૂપી અમર-આંબો રોપીને નુરત-સુરત રૂપી બંને પનિહારીઓ પાસે પ્રેમનાં પાણી સીંચજો. આ આંબાને પ્રથમ તો જે મંજરી આવશે તે પ્રાથમિક ઊર્મિઓ હશે તેને ખરી જવા દેવી, તેમાં અટવાવું નહીં તે પછી જે ફળ લાગશે તે કાચાં હશે ત્યાં સુધી ખાટાં લાગશે એટલે કે સત્ત્વ, રજસ્, તમસ્ વૃત્તિ હશે ત્યાં હરિરસ ખાટો લાગશે. પણ જ્યારે ગુરુકૃપાએ એ ફળ પાકશે ત્યારે તેની મીઠાશ અદ્‌ભુત હશે તો આ ભક્તિરૂપી આંબો આપણા જીવનના ખેતરમાં રોપવાનું સંતોએ જણાવ્યું છે.

### પ્રેમનું ખેતર

**અખોજી**

ચેતી લેને ચેતી લેને પરદેશી ઘેલા રે !
ખેતર આ પડતર તારા પ્રેમનું હે જી.
હરિ નામનાં રે હળીઆ લૈને જોડાવ,
ધોરી રે મેલ્ય તારા ઢળકતા હે જી.
વિધ વિધ નામનાં રે વાવણીઆં લઈને જોડાવ,
બીઆં રે બોઆવ બહુનામનાં હે જી.
રામ રે નામની વાડ્યું રે લૈને કરાવ,
ભુંડણ રે ખેતર તારાં ભેળશે હે જી.
મન રે પવનનો મેડો રે લૈને નખાવ,
ટોયો રે રાખ તારા તનનો હે જી.
ગોવિંદ નામની ગોફળ લૈને ગુંથાવ,
ગોળા રે ફેંક ગુરુના નામના હે જી.
આવી રે મોસમ તારી, માર રે લૈને સંભાળ.
ખળામાં રે જમડા જીવને લૂંટશે હે જી.
કહે રે અખોજી, જીતી રે બાજી મત્ હાર !
ગામેતી પતળ્યા તારા શેરના હે જી.
ચેતી લેને ચેતી લેને પરદેશી ઘેલા રે !

સંત કવિ અખોજી કાયાને પ્રેમનું ખેતર કહી રૂપક ભજનમાં આ કાયારૂપી ખેતરમાં ભક્તિરૂપી ખેતી કરવાનું જણાવે છે.

હે પરદેશી ઘેલા માનવી આ દેશ તારો નથી. તું તો પરમાત્માના દેશનો વાસી છે. આ કાયા તો તને પ્રભુને પ્રેમનું ખેતર આપ્યું છે. તેમાં હરિનામના હળથી પ્રેમનામના ધોરી બળદ જોડીને આ કાયા ખેતરને ખેડવાનું છે. તે પછી આ ખેતરમાં બહુનામી - પ્રભુનામનાં બીજ વાવી રામની વાડી તૈયાર કરવાની છે. આ ખેતરની વાડી તૈયાર થયા પછી તેનાં પાકને ભેળવનાર ભુંડણ આવશે. એટલે કે આપણી અંદર રહેલ તૃષ્ણાઓ કામ, ક્રોધ, લોભ વગેરે લૂંટી ખાશે. તે સમયે તારે મન-પવનનો માચડો બાંધી ગોવિંદના નામની ગોફણ લઈ ગુરુના નામનું સ્મરણ કરી ફેંકજે તો આ નામ સ્મરણથી તારા પાકના ફળોને વાંધો આવશે નહીં. તારો પાક બરાબર તૈયાર થઈ ખળામાં આવશે એટલે કે જિંદગી પૂરી થવાનો સમય પાકશે તયારે જમડા જીવને લેવા આવશે તે સમયે જીતેલી બાજી હારી ન જવાય તે માટે નામ સ્મરણ રાખજે. આ પ્રેમલક્ષણા ભક્તિની ખેતી કરવા માટે ઈશ્વરે તને આ કાયારૂપી પ્રેમનું ખેતર આપ્યું છે.

## ।। નવાં કાવ્યો ।।

### ન જીરવાયું હરિડા ?

**ગિરા પિનાકિન ભટ્ટ**

રે.... આ કેવી પીડા !
જ્યમ હુતાશનીમાં બળતાં, કો' નાના-મોટા કીડા.
ધુમાડો ધુમાડો થૈ ગઈ આશ તણી કૈં નગરી.
કલરની પાંખો કાપી તેં ચીસ પડાવી અઘરી.
તારી પાસે રહે અપેક્ષા તું તો વહાવીશ મહીડા.
રે.... આ કેવી પીડા !
પ્રગતિ અમારી જાણીને તવ છાતી કેમ ન ફૂલે ?
સંવેદના અળગી મૂકી તેં આધણ મૂક્યું ચૂલે ?
મનમેળામાં માનવ મ્હાલે એ ન જીરવાયું હરિડા ?
રે.... આ કેવી પીડા !

૪૫/ઊર્જાનગર, વિભાગ-૧,
સીટીપ્લસ થિયેટરના ખાંચામાં,
ગાંધીનગર-૩૮૨૪૨૬, (મો) ૯૯૦૯૬૪૧૨૬૨

### ગઝલ

**આબિદ ભટ્ટ**

લાવું વસંત ક્યાંથી જીવું અભાવ વચ્ચે,
તડકામાં શ્વાસ લેવા એ પણ દબાવ વચ્ચે !
ખોટી છે જીદ તારી દિલમાં વસી જવાની,
કઈ રીતના હૃદયમાં જીવીશ ઘાવ વચ્ચે !
ઈચ્છે છે બારણું કે લઈ લે નિરાંતનો દમ,
હેરાન છે હવાની અતિ આવ જીવ વચ્ચે !
લંબાવ એક તારા અણદીઠ હાથને તું,
તોફાન સાગરે ને મારી છે નાવ વચ્ચે !
પ્રારંભ થાય સાચી જીવન સફર કબરથી,
આ છે પ્રવાસ એવો જ્યાંના પડાવ વચ્ચે.
મન આંગણે તો મારા ધરણા ઉપર છે ઈચ્છા,
કેમે ગઝલ લખું હું આવા તનાવ વચ્ચે ?

નિર્ઝર, મદીના મસ્જિદ રોડ,
પોલોગ્રાઉન્ડ, હિંમતનગર-૩૮૩૦૦૧,
જિ.સાબરકાંઠા (મો) ૯૪૦૯૦૨૨૧૩૦


### નાજુક નમણાં....

**ભગીરથ બ્રહ્મભટ્ટ**

નાજુક નમણા ધબકારા પર
પડ્યો કાળનો ડોળો
ધસમસ ધારે હેઠે ઉતર્યો
આગ વરસતો ગોળો
ડાળી કૂંપળ ધૂળ ધૂમાડો
સગાઈ ભડ ભડ બળતી
તીણી ચીસો વળી વળીને
બાથ જીવને ભરતી
જ્વાળામુખી શી અગનઝાળમાં
છેલ્લો શ્વાસ ઝબોળો
પાંખે બેસી પાર થવાનાં
સપનાં ચકનાચૂર
ભડકે બળતા અરમાનો પર
કાળ થયો છે ક્રૂર !
ગગનગોખની પાંખોમાંથી
વરસી અગન છોળો.

(૧૨મી જૂને વિમાન દુર્ઘટના)

પ્લોટ નં. ૮૬૪, ગ્રેસ બંગલો,
મહાદેવ વિસ્તાર, વલ્લભ વિદ્યાનગર,
આણંદ, (મો) ૯૮૭૯૫૨૩૨૭૬




ISSN 0976-9609

|| અવલોકન ||

## સર્જક દોસ્તોયેવસ્કીની દુનિયા

**મનોજ માહ્યાવંશી**

'One of the greatest psychological novelist in world literature' તરીકે આજે પણ જેમને યાદ કરવામાં આવે છે એવા ફ્યોદોર દોસ્તેયેવસ્કી (૧૧-૧૧-૧૮૨૧ થી ૯-૨-૧૮૮૧) રશિયન ભાષાના સર્જક અને જગ આખામાં 'પુઅર ફોક' 'ક્રાઈમ એન્ડ પનીશમેન્ટ' 'નોટ્સ ફ્રોમ ધ હાઉસ ઓફ ધ ડેડ' 'નોટ્સ ફ્રોમ અન્ડરગ્રાઉન્ડ', 'ધ ઈડીયડ, ડીમોન્સ', 'ધ ડબલ', 'ધ મિક વન' અને 'ધ બ્રધર કારામાઝોવ' જેવી રચનાઓને લીધે જાણીતાં છે. ૧૯મી સદીના રશિયાની જે કંઈ માનવીય સમસ્યાઓ હતી તેને દોસ્તોયેવસ્કી પોતાની કૃતિમાં મનોવૈજ્ઞાનિક ઢબે આકાર આપતા દેખાય છે. માનવીય વર્તણૂક સંદર્ભે તેમની કૃતિઓનું મહત્ત્વ ઘણું અંકાયું છે, એટલે જ આજે આટલાં વર્ષો બાદ પણ આ સર્જક પ્રસ્તુત બની રહ્યા છે. સૌથી પહેલા આ સર્જકના જીવનના વિચિત્ર કિસ્સાઓ વિશે મર્મી કથાસર્જક નાઝીર મનસુરી સાહેબના વર્ગમાં જાણેલું અને આ સર્જકમાં રસ પડેલો. ત્યારબાદ ક્રાઈમ એન્ડ પનીશમેન્ટ અને ધ મિક વન ગુજરાતીમાં વાંચી. પોતે રશિયાની રાજકીય રીતે ગરમાયેલી સ્થિતિવાળા સમયમાં હયાત હોવાને લીધે તેઓ ઝારશાહી સામેની ભૂગર્ભ ચળવળમાં પણ સક્રિય હતા. દિવાલ પાસે ઊભા રાખીને બંદૂકથી શૂટ કરી દેવામાં આવતા એવા સમયમાં આ સર્જક ઝારશાહી સામેની ચળવળમાં જોડાઈ જાય એ અનેક રીતે સર્જક તરીકેના નીડરપણા તરફ પણ ઈશારો છે. પકડાઈ જાય અને બધાને છૂટ કરતા કરતા જ્યારે દોસ્તોયેવસ્કીને શૂટ કરવાનો ક્રમ આવ્યો તો એ જ સમયે રાજાના ઘરે દીકરાના જન્મ અંગેના સમાચાર રાજાને મળતા તેને મૃત્યુની સજામાંથી માફ કરવામાં આવે અને સાઈબેરિયાની જેલમાં નાખવામાં આવે છે. મૃત્યુ વિશેનું તેમની કૃતિઓમાંનું ચિંતન આ પૃષ્ઠભૂમિને આધારે વધારે સ્પષ્ટ થાય છે. જુઓઃ મોતના મોંમાં જઈને પાછો આવ્યો, પણ એ ઘટનાની અને તે પછી સાઈબિરિયામાં ગાળેલાં આઠ વર્ષની હાડમારીની અસર તેમના જીવન અને લેખન પર હંમેશને માટે રહી ગઈ.[૧]

જેલમાંના તેમના અનુભવો વિશેનું આલેખન પણ એટલે જ વાસ્તવિક અને કરુણ બન્યું છે. નાનપણમાં માતાનું મૃત્યુ થઈ ગયેલું અને પિતા સાથે મનમેળ હતો નહીં. પિતા મીલીટરીમાં સર્જન ડૉક્ટર હતા અને ત્યાં બાળપણમાં દોસ્તોયેવસ્કીએ જે જોયેલું એ બધું તેમના મનોજગતમાં સચવાઈ રહેલું અને પછીથી તેમની કૃતિમાં એ બધું આવે છે. તેમની રચનાઓમાં આપણા માનવામાં નહીં આવે એવા કિસ્સાઓનું આલેખન છે. ધાર્મિક કુટુંબમાં જન્મેલા પરંતુ જીવનના અનુભવે સાવ નોખા સર્જક તરીકે ઉપસી આવ્યા. સર્જક દોસ્તોયેવસ્કીની દુનિયાના પાત્રો અલગારી ટાપુ જેવા હોય છે. આટલા વર્ષો પછી પણ આ સર્જક પ્રસ્તુત છે એ સંદર્ભે પ્રીએમીનન્ટ સ્કોલર જોસેફ ફ્રેંક કહે છે કે- 'Dostoevesky is stilll relevant and best seller'[૨]

એમની નવલકથાએ મનોવિજ્ઞાન ઉપર ઊંડી અસર કરી હતી. ૧૯મી સદીની રશિયન માનવીય વર્તનને તેમણે બખૂબી રજુ કર્યું છે. Human mindwork એ તેમની કૃતિઓની વિશેષતા. આપણા ગુજરાતી સાહિત્યમાં ૧૮૬૬માં પ્રથમ નવલકથા કરણઘેલો મળી એ જ વર્ષે આ લેખકની ક્રાઈમ એન્ડ પનીશમેન્ટ નામની નવલકથા પ્રગટ થયેલી. એ ડિટેકટીવ નવલકથામાં સર્જક દોસ્તોયેવ્સ્કીની ફિલસૉફીના ચમકારા સંવાદે સંવાદે જોઈ શકાય છે. ખૂન કર્યું છે. એટલે એ ખૂન કરવા પાછળની તાર્કિકતા અને બચવાના પ્રયત્નોમાં નાયક જે રીતે સક્રિય બને છે. એ સક્રિયતાને લીધે એક ઊંડી ખાલીપો deep emptiness નો ભોગ બને છે. નાયક પોતાની જાતને અલગ પડી જતો અનુભવે છે. કેટલાક અભ્યાસીઓ આ નવલકથા સંદર્ભે નાયકની પ્રવૃતિને સારી રે નરસી ગણવી એ બાબત નિર્ણય લઈ શકતા

નથી. કૃતિ જાણે પોતે જ કહેતી હોય કે અહીં 'humanity is complicated' છે. ગુનો કરીને પછી બચવાના નાયકના સજાગ પ્રયત્નો તેને ગુનેગાર સાબિત કરી નાખે છે. તે ક્રમિક વર્ણન આ નવલકથાનો પ્રાણ છે. દીપક મહેતા નોંધે છે. ગુનો ભલે એક વ્યકિત કરે, તેની અસર તો બીજા અનેકને થાય છે. રોડિયનની મા, બહેન, મિત્રો સોનિયા રાઝુમિહિન. ખૂનના પુરાવા સગેવગે કરે છે અને થોડાં ઘરેણાં સંતાડે છે. ત્યાં સુધીમાં રોડિયન ગુનાના ભાર વડે મનથી ભાંગી પડે છે. તેણે ઉધાર લીધેલા પૈસા પાછા ચૂકવ્યા નહોતા તે અંગેની એક ફરિયાદ અંગે પૂછપરછ કરવા રોડિયનને પોલીસ સ્ટેશને બોલાવાય છે ત્યારે તો તે બેભાન થઈને માંદો પડી જાય છે. પછી સામે ચાલીને એવી ભૂલો કરે છે કે જેથી પેલી બે બાઈઓના ખૂન અંગે પોલીસને રોડિયન પર શંકા આવવા લાગે છે.[૩] રાસ્કોલનીકોફ વિશ્વસાહિત્યમાં એક મહત્ત્વનું યાદગાર પાત્ર બની રહે છે. તેની ક્રિયા-પ્રતિક્રિયા, મંથન એ બધું આ કથાને વિશ્વની મહત્ત્વની અપરાધકથાની સાથે જ અસ્તિત્વલક્ષી એકલતાની કથા પણ બનાવે છે. નૈતિકતા સામે મનોવૈજ્ઞાનિક દષ્ટિકોણને સબળતાથી દર્શાવતી આ નવલકથાનું સ્થાન વિશ્વસાહિત્યમાં પ્રથમ હરોળમાં છે પણ એ લેખકની કેવી દારુણ પરિસ્થિતિમાં લખાયેલી તે અંગે દીપક મહેતા લખે છે- ગુનો અને ગુનેગાર, કેદ અને સજા, યાતના અને અપમાન આ બધાંની વાતો વણાઈ ગઈ તેની નવલકથા ક્રાઈમ એન્ડ પનિશમેન્ટમાં દુનિયાની મહાન નવલકથાઓમાં જેની ગણના થાય છે તેવી આ નવલકથા પોતા પરનું દેવું ચૂકવવા માટે પ્રકાશન પાસેથી ઝટપટ પૈસા મળે એ વિચારે દોસ્તોયેવસ્કીએ ઝપાટાભેર ઘસડી નાખી હતી, પણ ૧૮૬૬ માં રશિયન ભાષામાં તે પહેલીવાર પ્રગટ થઈ ત્યારથી તેના લેખકને દુનિયાના અગ્રગણ્ય નવલ-કથાકારોમાં સ્થાન મળી ગયું. એવું તે શું છે ક્રાઈમ એન્ડ પનિશમેન્ટમાં ? આમ તો 'ખૂની ખંજર' કે 'છાને પગલે આવ્યું મોત' કે 'કારાગારમાં' જેવી કોઈ રહસ્યકથાનું હોય તેવું આ નવલકથાનું વસ્તુ છે. પણ માણસનાં મનનાં ઊંડાણોને, એ ઊંડાણોમાંનાં સંચલનોને, કર્મ અને તેના ફળ વિશેના વિચારોને દોસ્તોયેવસ્કીએ અહીં જે રીતે આલેખ્યાં છે તેમાં વસી છે નવલકથાની વશેકાઈ. આથી જ કેલાકે તો દોસ્તોયેવસ્કીને પહેલા આધુનિક નવલકથાકાર તરીકે ઓળખાવ્યો છે.[૪]

બ્રધર્સ કારામાઝોવ ૧૮૮૦ માં પ્રગટ થયેલી ચાર ભાગની વિસ્તૃત નવલકથા છે. ચાર ભાઈઓ અને એ ભાઈઓના પોતાના પિતા સાથેના સંબંધને ચર્ચાતી આ કૃતિ છે. મિલકત, પ્રેમ, વાસના, લાલચ-સ્વાર્થ જેવા માનવીય ભાવોનું આલેખન અહીં સુપેરે થયું છે. કથાઘટકમાં સ્ત્રી-પુરુષના સંબંધ અને મિલકતની લાલચ જેવી બાબતો મહત્ત્વની છે. દીપક મહેતા લખે છે. આ વાત છે ચાર ભાઈઓની. રશિયાના કારામાઝોવ કુટુંબના ચાર દીકરાના જીવનની. નવલકથાનું નામ બ્રધર્સ કારામાઝોવ. લેખક ફ્યોદોર (મિખાઈલોવિચ) દોસ્તોયેવસ્કી. એણે લખેલી આ છેલ્લી નવલકથા. લાંબીલચક, અટપટા કથાનકવાળી, પોતાને જે કંઈ કહેવાનું હતું તે બધું જેમ આપણા ગોવર્ધનરામ ત્રિપાઠીએ તેમની નવલકથા 'સરસ્વતીચંદ્ર'ના ચોથા ભાગમાં કહી નાખ્યું, તેમ દોસ્તોયેવસ્કીએ તેની આ છેલ્લી નવલકથામાં કહી નાંખ્યું, એટલે કથા ઉપરાંત તેમાં વિચારો છે, ચર્ચાઓ છે, ધર્મની વાતો છે, ચિંતન છે. કારામાઝોવ કુટુંબના સભ્યોનું નિરૂપણ તેણે એવી રીતે કર્યું છે. કે જેથી રશિયન જીવનનાં જુદાં જુદાં પાસાંઓને આવરી લેવાય.[૫]

સુરેશ જોશીએ બ્રધર્સ કારામાઝોવના એક પાત્ર ઈવાન વિશે જે નોંધ્યું છે તે જુઓ, દોસ્તોયેવસ્કીના નાયક ઈવાને પણ એવી ખુમારીમાં કહી દીધેલું કેઃ I did not ask for the entrance. I will return it. જો આવી દુનિયા તારી હોય તો, શું કંઈ પ્રવેશ માંગવા આવ્યો ન હતો અને છતાં પણ જો મારા પર દયા લાવોને કે મને શિક્ષા કરવા પ્રવેશ આપ્યો હોય તો લઈ લે એ પાછો, મારે નથી જોઈતો.[૬]


ISSN 0976-9609

માનવના સુખ ખુશી માટેના હવાતિયા અને જ જીવન જેનાથી ભરાયેલું છે તે દુ:ખોની ઘટમાળ એ આ સર્જકની લેખનમૂડી છે. રશિયામાં જે તે સમયે આવેલ પરિવર્તનોને સર્જકે પોતાની રીતે રજૂ કર્યા છે. ધ મિક વન જેનો અનુવાદ સુમન શાહે વિનીતા નામથી કરેલો છે તેમાં પણ જીવનમાં કરુણ ઘટનાઓનો ભોગ બનેલ નાયક-નાયિકા છે. પત્ની આપઘાત કરી ગઈ છે અને એના મૃતદેહને જોઈને પતિ તેની સાથેના જીવાયેલા જીવન વિશે વિચારે છે અને બની ગયેલ, વીતી ગયેલ જીવના સરવાળા બાદબાકી માંડે છે. જેમાંથી માણસની અસ્તિત્વલક્ષી વેદના ઉભરી આવે છે. અહીં, દોસ્તોયેવ્સ્કીએ માનવહૃદયમાં સ્થાયીભાવની જેમ વિહરતી એકલતાને નાયક અને નાયિકાના જીવન સંદર્ભમાં સરસ રીતે ઉપસાવી આપી છે.[૭]

વર્ષ ૧૮૬૨માં પ્રકાશિત 'નોટ્સ ફ્રોમ ધ હાઉસ ઓફ ધ ડેડ' એ સાઈબેરિયાની જેલના સર્જકના પોતાના અનુભવોને આધારે લખાયેલી સ્મૃતિકથા છે જેમાં દર્શાવાયેલી કારાવાસની ક્રૂર વાસ્તવિકતા વિશ્વ સાહિત્યમાં મહત્ત્વની ઠરે છે. ૧૮૬૪ માં પ્રગટ 'નોટ્સ ફ્રોમ ધ અન્ડરગ્રાઉન્ડ'માં મનુષ્યની સ્વતંત્રતાનું મૂલ્ય બારીકાઈથી દર્શાવાયું છે. જેમાં નિવૃત સરકારી માણસ કેન્દ્રમાં છે અને અભ્યાસીઓના મતે આ કૃતિ અસ્તિત્ત્વવાદી સાહિત્યની પ્રથમ કૃતિ બની રહે છે. તર્ક સામે વિદ્રોહનો સૂર આ કૃતિમાંથી પ્રાપ્ત બને છે. તર્કસંગતતા સામે મનુષ્યની સ્વતંત્રતા અંગેનું મહત્ત્વનું નિરૂપણ છે.

વર્ષ ૧૮૭૨ માં પ્રગટ થયેલી ડીમોન કૃતિ ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો હતો કારણ કે તેમાં ધર્મ અને સામાજિક વ્યવસ્થાઓ ઉપર પ્રશ્નો હતાં. સર્જકના સમયમાં રશિયાની જે સ્થિતિ હતી એ સ્થિતિ નિમિતે આ કૃતિએ ચકચાર જગાવી. એમાં જે વિચારો રજૂ થયેલા તેમાં religious nationalism - ધાર્મિક રાષ્ટ્રીયતા, nihillistic socialism faith and self will શ્રદ્ધા અને આત્મવિશ્વાસ, empty personality વ્યક્તિત્વનું ખાલીપણું એટલા મુખ્ય છે. ભગવાન અને શેતાન નિમિત્તે સર્જકે વ્યકિતને ફસાવવાના વિવિધ કારસા તરફ દિશાનિર્દેશ કર્યો છે.

વિશ્વ સાહિત્યમાં આદરપૂર્વક સ્થાન પામેલા અનેક સર્જકોમાં મને એક વાત સામાન્ય જણાઈ આવે છે કે લગભગ એ તમામ પોતાના જીવનમાં નિરાશાના અમર સૂરને જાણે કે પામી ગયા હોય, અલાયદી સર્જક ચેતાનાને લીધે જ જાણે અંગત જીવમાં અનેક માનસિક બિમારીનો પણ ભોગ બનતા લાગે છે. બાહ્ય જગતમાં ચાલતી મનુષ્યની લાલીયાવાડી, કાવાદાવા એ બધું સમજવાને કારણે વૈચારિક જગતમાં ચાલતી ઉથલપાથલનું સ્તર જોખમની હદને પણ વટાવી જતું હોવાનું દેખાય છે. કેટલીકવાર એ જે તે સર્જકની કૃતિના પાત્રોની વર્તનતરાહમાંથી પ્રગટતું જોઈ શકાય છે તો કેટલીકવાર સર્જકે વેઠવા પડતાં દુ:ખ-મુશ્કેલીઓમાંથી. આવા સર્જકોએ રજૂ કરેલા વિચારો પણ તેમનો મનોગતને જાણવામાં ઉપકારક બની જતા હોય છે જેમ કે, દોસ્તોયેવસ્કીએ પોતે કહ્યું છે કે- એટલે મૂર્ખાઓની જેમ હસી મજાકમાં જીવન પસાર કરી નાખવાને બદલે વાસ્તવિક હકીકતને જ સ્વીકારતા આગ્રહી આ સર્જકે પણ પાછલી જીંદગીના વાઈના રોગની પીડા ભોગવવી પડેલી. આવી પીડાઓ અસહ્ય હોય છે. વિશ્વના ગણમાન્ય સર્જક દોસ્તોયેવસ્કીએ આ પીડા અંગે ડોક્ટરને લખેલું તે જુઓ- “this epilepsy will end up by carrying me off- my memory has grown completely dim. I don’t recognise people anymore. I’m fraid I’m afraind I’m goimad or falling into idiocy”. સ્મૃતિભ્રંશ એ જીવનમાં શાપ સમાન છે અને એ સ્થિતિમાંથી પાગલ થઈ જવાનો ભય સેવતા દોસ્તોયેવસ્કી પસાર થઈ રહ્યા હતાં. આખરે ૯-૨-૧૮૮૧ ના રોજ તેમનું અવસાન થયું. વિશ્વસાહિત્યમાં સર્જક દોસ્તોયેવસ્કીની દુનિયા આજે પણ ભાવકને આકર્ષનારી નોંધપાત્ર દુનિયા છે.

**સંદર્ભ :**

૧. વિશ્વની શ્રેષ્ઠ નવલકથાઓ, દીપક મહેતા, સાહિત્ય

સંગમ-સુરત, પ્ર.આ.૨૦૧૨, પૃ.૧૪૮-૧૪૯
૨. https://www.youtube.com/watch Mv=ioOaD87SYIw
૩. વિશ્વની શ્રેષ્ઠ નવલકથાઓ, દીપક મહેતા, સાહિત્ય સંગમ-સુરત, પ્ર.આ.૨૦૧૨, પૃ.૧૪૯
૪. એજન.
૫. એજન, પૃ. ૧૫૧
૬. સુરેશ જોશીનું સાહિત્ય વિશ્વ (અગ્રંથસ્થ) વિવેચન-૧, સંકલન-શિરીષ પંચાલ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર. પ્ર.આ.૨૦૧૧, પૃ.૧૫૮.
૭. ધ મિક વન, ફિયોદોર દોસ્તોયેવસ્કી 'વિનીતા' નામથી અનુ.સુમન શાહ

કેટલીક માહિતી માટે યુટયુબ પરનો Philosohpers in History-Fyodor Dosto-evsky નામનો વિડીયો

મદદનીશ પ્રાધ્યાપક, ગુજરાતી વિભાગ
ડો.એ.પી.જે.અબ્દુલ કલામ ગર્વમેન્ટ કોલેજ, સિલવાસા,
દાદરા નગર હવેલી-૩૯૬૨૩૦, (મો) ૯૮૯૮૬૮૪૬૦૧
E-mail : mahyavanshimanoj@yahoo.co.in

## ।। વિદ્યાવૃત્ત ।।

### ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ)

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ) માં તારીખ ૧૦ જૂન ૨૦૨૫ના રોજ ધોરણ ૯ના વાલીઓ માટે વિશિષ્ટ વાલી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટિંગનો મુખ્ય ઉદ્દેશ ધોરણ ૯ અને ૧૦માં આવતા વ્યવસાયિક વિષયો-ઇન્ફોર્મેશન ટેકનોલોજી અને સ્પોટ્ર્સ - વિશે વાલીઓને સમજાવવાનો હતો. શાળાના આચાર્યશ્રી શ્રી ભાવેશભાઈ ભટ્ટે વાલીઓને શાળાની કામગીરી, નીતિઓ અને શિક્ષણ પદ્ધતિઓ અંગે વિસ્તૃત માહિતી આપી. તેમણે શાળાની વિશેષતાઓ તથા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શાળા દ્વારા કરવામાં આવતા પ્રયાસો વિશે વાલીઓને અવગત કર્યા. શાળાની અનુભવી શિક્ષિકા શ્રીમતી રેખાબેન સાધુએ વ્યવસાયિક શિક્ષણ વિષયોની રચના, ઉપયોગિતા અને વિદ્યાર્થીઓના ભાવિ પર પડતાં સકારાત્મક અસર વિશે માહિતી આપી. શ્રીમતી હેમાંગીનીબેન પરમાર અને શ્રી જી. જી. વાલાણી સાહેબે ધોરણ ૯ના ક્લાસ સંચાલન અને શૈક્ષણિક આયોજન અંગે જણાવ્યું. વોકેશનલ ટ્રેનર્સ શ્રી લતેશભાઈ પટેલ અને અજયભાઈ તળપદાએ પોતપોતાના વિષયોની પરીક્ષા પદ્ધતિ અને પ્રાયોગિક અભ્યાસ વિશે વિસ્તૃત માહિતી આપી.

અંતે વાલીઓએ પોતાના માગદર્શનરૂપ મંતવ્યો રજૂ કર્યા અને આ પ્રકારની મિટિંગ દ્વારા બાળકોના અભ્યાસ માટે યોગ્ય માર્ગદર્શન મળતું હોવાનો અભિપ્રાય આપ્યો.

આચાર્યશ્રીએ વાલીઓની ફરજો અને શાળાના નિયમોની સ્પષ્ટ સમજ આપીને મિટિંગનું સમાપન કર્યું.

 ISSN 0976-9609

|| અભ્યાસ ||

## 'ગ્રામ સ્વરાજ'ના વિચારોની પ્રસ્તુતતા

ભીખાભાઈ વી. દેસાઈ

મહાત્મા ગાંધીએ યંગ ઈન્ડિયા, હરિજન બંધુ, નવજીવન ઈત્યાદિ સામયિકોમાં અવારનવાર જુદા જુદા વિષયો પર પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. વિવિધ લેખો અને પુસ્તકોમાંથી ગ્રામ સ્વરાજને લગતાં લખાણો એકત્રિત કરીને શ્રી હરિપ્રસાદ વ્યાસ દ્વારા ગ્રામ સ્વરાજ નામનું પુસ્તક તૈયાર થયું. ગાંધીજીએ ગ્રામજીવનની વિવિધ બાબતો ઉપર જે લેખો લખ્યા છે તેનું સંકલન ગ્રામ સ્વરાજ નામના પુસ્તકમાં થયું છે. આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ વર્ષ ૧૯૬૩માં પ્રગટ થઈ.

ગ્રામ સ્વરાજ પુસ્તક સંગ્રહનું આમુખ લખતાં શ્રીમન્નારાયણે નોંધ્યું છે કે -

આધુનિક ઉદ્યોગીકરણ વિશે ગાંધીજી જૂના પુરાણા વિચારો ધરાવતા હતા એમ માનવું ભૂલભરેલું છે. ખરી વાત એ છે કે, તેઓ યંત્ર તરીકે યંત્રની વિરુદ્ધ નહોતા, તેમનો જે પ્રખર વિરોધ હતો તે યંત્રોની ઘેલછા સામે હતો. (પૃ.૫)

ગાંધીજી સ્પષ્ટપણે એવું માનતા હતા કે જે યંત્રો ગામડાના નાના નાના લાખો કારીગરોને રોજી આપે તે આવકાર્ય છે. જ્યારે કારખાનામાં જથ્થાબંધ જે ઉત્પાદન થાય છે તેના કારણે ઘણા સશક્ત નાગરિકોને પૂરી રોજગારી મળી શકતી નથી. ગ્રામિણ વિસ્તારમાં રહેલી માનવશકિતનો પૂરેપૂરો ઉપયોગ થવો જોઈએ. ભૂખથી પીડાતા ધંધા વગરના લોકોને યોગ્ય ધંધો મળી રહેવો જોઈએ. બાપુએ માત્ર ભૌતિક મૂલ્યો આધારિત સામાજિક અને આર્થિક વ્યવસ્થાનું સમર્થન નથી કર્યું. તેમણે સાદું જીવન અને ઉચ્ચ વિચારના આદર્શને સદા માન્ય કર્યો.

વિશ્વકક્ષાએ શાંતિ સ્થાપવા લશ્કરી બળનો આશ્રય લેવામાં આવે તો એવી શાંતિ સ્થાપવાની વાતને ગાંધીજીએ હવામાં બચકા ભરવા સમાન ગણાવે છે ગ્રામ સ્વરાજમાં ગાંધીજી સરકારના અંકુશમાંથી આઝાદ થવાની વાત કરે છે.

આજના સમયમાં જોવા મળતી આર્થિક વિષમતા અગાઉ ન હતી. અહીં, એકબાજુએ શ્રીમંત લોકો મોજશોખમાં હેતુવિહીન જીવન જીવે છે. બીજી બાજુએ સખત મહેનત કરનાર મજૂરને પેટપૂરતું ખાવાનું પણ ભાગ્યે મળે છે. ગાંધી એવું માનવતા હતા કે આખા જગતની આર્થિક રચના એવી હોવી જોઈએ કે કોઈને પણ અન્ન વસ્ત્રાદિનો અભાવ વેઠવો ન પડે.

જો જ્ઞાતિ-જાતિના વાડાઓ ન હોય તો ગ્રામ સ્વરાજ સોળે કળાએ ખીલી ઊઠશે. ગ્રામ સ્વરાજમાં બાપુએ આવું અદ્‌ભૂત સ્વપ્ન નિહાળ્યું છે. તેમાં છૂપી પડેલી આવી ઊંચી શક્યતાઓ આપણે બહાર લાવવી જોઈએ. ગામડાંઓમાં જોવા મળતાં સામાજિક ઝઘડા, ન્યાતજાતવાદ અને સંકુચિતતાના દોષોને દૂર કરવા તે આપણી ફરજ બને છે. ગ્રામ સ્વરાજ પુસ્તકમાં કુલ ઓગણત્રીસ પ્રકરણો છે. પ્રથમ પ્રકરણમાં સ્વરાજનો અર્થ આપવામાં આવ્યો છે.

ગાંધીજીના સ્વપ્નના સ્વરાજમાં જાતિ કે ધર્મના ભેદભાવને સ્થાન નથી.માનવજાત માટે સમાન અને ન્યાયનું રાજ્ય તેનું નામ સ્વરાજ ગણ્યું છે. ગાંધીજીના સ્વપ્નનું સ્વરાજ એ ગરીબનું સ્વરાજ છે. અહિંસક સ્વરાજની ગાંધીજીએ ખેવના કરી હતી. અહિંસક સ્વરાજમાં પ્રજા જ્ઞાની, અજાતશત્રુ, મહેનતુ, નિરોગી, સુખી અને વિવેકી હોય.

આદર્શ સમાજના ચિત્રને સ્પષ્ટ કરતાં બાપુએ જ્ઞાતિ અને વર્ગવિહીન સમાજની સાથે સાથે આવા સમાજમાં ઊંચનીચના ભેદભાવ પણ ન હોય તેવી અપેક્ષા રાખી છે. વ્યકિત પોતાના ધંધા રોજગાર વડે સમાજની સેવા કરશે.

શાંતિનો માર્ગ અપનાવવા માટે ઉદ્યોગવાદનો

કોઈપણ રીતે નાશ કરવો જોઈએ. મોટા મોટા ઉદ્યોગ-ની પાછળ તણાઈ ન જવું જોઈએ. તેની સામે નાના નાના ગૃહઉદ્યોગો વિકસાવવા જોઈએ.

ગાંધીજીએ એવા યંત્રોનો વિરોધ કર્યો છે જે કરોડો લોકોની રોજગારી છીનવી લે છે. એવા મોટા યંત્રો એટલી ક્ષમતાવાળા હોય છે કે તેના દ્વારા થતું કામ સમાજમાં બેરોજગારી અને ભૂખ પેદા કરે છે. લોકોને કોઈ કામ કરવાનું રહેતું નથી એટલે લોકો આળસુ બની જાય છે.

નાના યંત્રો વડે કામ સરળતાથી થઈ શકે છે. પરંતુ તે નાના યંત્રો બનાવવા માટે પણ મોટાં કારખાનાં ઊભાં કરવાં પડે છે. અને તે કારખાનાં ખાનગી શખ્સોનાં હોય છે. ત્યારે ગાંધીજી જે યંત્રની અપેક્ષા રાખે છે તેના વિશે જાણીએ :

મારું યંત્ર તો એવું હોવું જોઈએ કે જે સાદામાં સાદું હોય અને કરોડો ઘરમાં રાખી શકાય એવું હોય. (પૃ-૨૨)

શહેરો અને ગામડાંઓ આ બે પ્રકારની વિચારધારા જગતમાં મોજૂદ છે. શહેરી સંસ્કૃતિ યંત્ર અને ઉદ્યોગીકરણ ઉપર આધાર રાખે છે. ગાંધીજીએ ગ્રામ સંસ્કૃતિ પસંદ કરી છે. પરંતુ ગ્રામ લોકોનું પરદેશી સરકાર અને શહેરી લોકો શોષણ કરે છે. હિંદુસ્તાન તેના સાત લાભ ગામડામાં વસે છે તેવું ગાંધીજીએ અનેકવાર કહ્યું છે.

હવે આપણે ગ્રામ સ્વરાજ અને ગ્રામ સ્વરાજના પાયાના સિદ્ધાંતો વિશે જોઈએ.

ગામડાંનું હિંદુસ્તાનમાં મહત્વનું સ્થાન છે. જો ગામડાં નાશ પામશે તો હિંદુસ્તાનનો પણ નાશ થશે. આમ કહીને ગામડાંનું સ્થાન શું છે તે જણાવ્યું છે. ગાંધીજીનો ગ્રામ સ્વરાજ વિશેનો ખ્યાલ એવો છે કે દરેક ગામ સંપૂર્ણ પ્રજાસત્તાક હોવું જોઈએ.

આદર્શ ગામ સંપૂર્ણ સ્વચ્છ, ખેતી, પશુપાલન, દુગ્ધાલય, ઔદ્યોગિક શિક્ષણને કેન્દ્રમાં રાખતું, શાળાઓ, પંચાયતો, ધરાવતું હોય અને તે પૂરતાં શાકભાજી અને અનાજ પકવતું હોય તથા તે પૂરતી ખાદી જાતે જ તૈયાર કરી તેનું હોવું જોઈએ.

ગાંધીજીએ ગ્રામ સ્વરાજના પાયાના કુલ બાર સિદ્ધાંત આપ્યા છે. જેમાં પ્રથમ વાત તેમણે પૂરી રોજગારીની મુદ્દા ઉપર કરી છે. તેઓ લખે છે કે-

આ દેશની અને આખા જગતની આર્થિક રચના એવી હોવી જોઈએ કે જેથી એક પણ પ્રાણી અન્નવસ્ત્રના અભાવથી પીડાય નહીં. (પૃ.૩૫)

કોઈ સ્ત્રી કે પુરુષ ખોરાક વગરનાં રહે તો પેટ ભરીને જમતાં આપણને શરમ આવવી જોઈએ. અન્ન અને વસ્ત્ર પૂરતા પ્રમાણમાં મેળવવાના માટે જરૂરી ધંધો મેળવાનો પણ અધિકાર એને અધિકાર છે.

જાત મહેનત વગર ખાવાનો અધિકાર જ નથી. આ જાત મહેનતનો મહિમા બાઈબલ અને ગીતામાં પણ ગવાયો છે. જે માણસ મજૂરી કર્યા વગર ખાય છે તે ચોર છે.

સમાનતાની વાત કરતાં આર્થિક સમાનતા ઉપર વધારે ભાર મૂક્યો છે. આ આર્થિક સમાનતાની સાથે ટ્રસ્ટીપણાની સિદ્ધાંતની પણ વાત કરી છે. ટ્રસ્ટીશીપમાં વ્યીક્ત પોતાની પાસે રહેલી સંપતિમાંથી પોતાની જરૂરિયાત મુજબ મૂડી રાખીને બીજી મૂડીને પ્રજાના કલ્યાણમાં વાપરવા માટેની કાર્યપ્રણાલી ગોઠવવામાં આવી છે. સાથે સાથે વિકેન્દ્રિકરણની જરૂરિયાત પણ દર્શાવી છે. સ્વદેશી ધર્મ સમજાવતાં હિંદમાં ઉત્પન્ન થતા ખોરાક અને કપડાંનો ઉપયોગ કરવા કહ્યું છે. પરંતુ જ્યારે દેશમાં કોઈ વસ્તુ ન બને અથવા ઘણી મુશ્કેલીથી બને ત્યારે પરદેશી વસ્તુના દ્વેષને લીધે એ વસ્તુ પોતાના દેશમાં બનાવવા બેસી જાય તે સ્વદેશી નથી.

સ્વાવલંબનની વાત કરતાં જૂથની અંદર પરસ્પરાવલંબન પણ રહેવું જોઈએ તે સમજાવ્યું છે આ ઉપરાંત ગ્રામ સ્વરાજના પાયાના સિદ્ધાંતોમાં સત્યાગ્રહ, સહકાર, સર્વધર્મ, સમભાવ, પંચાયતીરાજ


ISSN 0976-9609

વિશે ગાંધીજી પોતાના વિચારો રજૂ કરે છે.

પાયાની કેળવણી વિશે વાત કરતાં બાપુ અક્ષરજ્ઞાન ઉપર વધારે ભાર મૂકતા નથી. પરંતુ તેઓ કેળવણીની વ્યાખ્યા નીચે મુજબ કરે છે. :

કેળવણી એટલે બાળક કે મનુષ્યના શરીર, મન અને આત્મામાં જે ઉત્તમ અંશો હોય તેનો સર્વાંગી વિકાસ સાધીને તેને બહાર આણવા. (પૃ.૪૪)

જાતમહેનતની વાત અહીં, ફરી વાર એક સ્વતંત્ર પ્રકરણરૂપે પણ સંકલિત થઈ છે. રોટી માટે મનુષ્યે મજૂરી કરવી અને શરીર વાંકુ વાળવું એ શોધ ટોલ્સ્ટોયની નથી પરંતુ તેના કરતાં બહુ અપરિચિત લેખક બોન્ડારેફની છે. તેને ટોલ્સ્ટોયે પ્રસિદ્ધિ અપાવી. જાતમહેનતની ઝાંખી ગાંધીજીએ ભગવદ્ ગીતાના ત્રીજા અધ્યાયમાં કરી છે.

ભિક્ષાવૃત્તિ વિશે બાપુએ સ્પષ્ટ કહ્યું છે કે -

મારી પાસે સત્તા હોય તો હું બધાં સદાવ્રત બંધ કરાવી દઉં. સદાવ્રતોએ પ્રજાની અધોગતિ કરી છે. (પૃ.૪૯)

ગાંધીજીએ ભીખને ઉત્તેજન આપવું ખોટું છે તેમ કહીને ભિખારી જો કામ ન કરે તો તેને ભૂખ્યો જવા દેવા કહ્યું છે. જે લોકો ભીખ માંગે છે તેમાંના જેટલા પણ અપંગ, લૂલાંપાંગલાં, આંધળાં છે તેમને સરકારે પોષવાં જોઈએ.

જાતમહેનતની જેમ જે સમાનતા વિશે પણ ગ્રામ સ્વરાજમાં એક સ્વતંત્ર પ્રકરણ છે. જે વ્યક્તિ પોતાની આવડતથી વધારે કમાય છે તેણે પોતાની કમાણીનો મોટો ભાગ રાષ્ટ્રના હિત માટે વાપરવો જોઈએ. ડોક્ટરો અને વકીલો તેમની શક્તિનો સદ્ઉપયોગ કરતાં ડોક્ટરોએ રોગો મટાડવા અને વકીલોએ લોકોના ઝઘડા સાંધીને અદાલતમાં જતા રોકવા જોઈએ.

વાલીપણાનો સિદ્ધાંત સમજાવતાં લખે છે કે વારસામાં જે ધન મળે તેના આપણે માલિક નથી. પરંતુ વ્યક્તિનો અધિકાર આજીવિકા મળી રહે તેટલો છે. બાકીની સંપત્તિ પર માલિકી સમાજની છે, ને તેનો ઉપયોગ સમાજના કલ્યાણને સારુ થવો જોઈએ.

સ્વદેશી ભાવના ઉપર પણ અહીં, સ્વતંત્ર પ્રકરણ છે. જેમ ને તેમ આપણી નજીકના વ્યક્તિ અને વસ્તુનો ઉપયોગ કરવા અને દૂરની પરિસ્થિતિનો ત્યાગ કરવા માટે સ્વદેશી ભાવના પ્રેરે છે.

સ્વાવલંબન અને સહકાર વિષયક પ્રકરણમાં આપણે સમાજને ભારરૂપ ન થવું જોઈએ. એટલે કે સ્વાવલંબી બનવું જોઈએ તથા સમાજની વ્યવસ્થા સારી રીતે જાળવવા માટે સહકાર આપવો જોઈએ.

ગાંધીજી સ્વાવલંબનની વાતમાં એ બાબત ઉપર ભાર મૂક્યો છે કે જે વસ્તુ પાયાની આવશ્યકતા બની ગઈ છે. તેને લોકોએ પોતાને ત્યાં જ પેદા કરી લેવી જોઈએ તે સ્વાવલંબન છે. પંચાયતીરાજ નામના પ્રકરણમાં આઝાદી પહેલાંની પંચાયતો, સ્વતંત્ર હિંદુસ્તાનમાં પંચાયતો તથા પંચાયતની ફરજ વિશેની વાત છે.

પાયાની કેળવણીમાં શિક્ષણની સાથે ઉદ્યોગની જોડીને કેળવણી આપવી જેથી બાળકોનો સર્વાંગી વિકાસ થઈ શકે. કેળવણીમાં કંઈક નવું સર્જનાત્મક વસ્તુ શીખવવામાં આવે તો દરેક શાળાઓ સ્વાવલંબી બની શકે. મફત અને ફરજિયાત કેળવણીની બાપે અપેક્ષા રાખતા હતા. કેવળ પુસ્તકિયા જ્ઞાનથી બાળકનો યોગ્ય વિકાસ થતો નથી. બાપુ કહે છે કે- જે કેળવણી આપણને સારાનરસાનો ભેદ કરતાં, સારું ગ્રહણ કરતાં ને નરસું તજતાં શીખવતી નથી તે ખરી કેળવણી જ નથી. (પૃ.૮૯)

પાયાની કેળવણી દરેક જગ્યાએ બાળકોના મન અને શરીરનો વિકાસ કરે છે. બાળકને પોતાની ભૂમિ સાથે જડી રાખવામાં મદદરૂપ બને છે.

ગાંધીજીએ ગ્રામ સ્વરાજમાં ખેતી અને પશુપાલન વિશે ખૂબ લખ્યું. કિસાનો, જમીન, ખાતર, અનાજ, ખાદી અને હાથકાંતણ જેવા મુદ્દા ઉપર સરળ અને પ્રવાહી શૈલીમાં ગાંધીજીએ પોતાનું

ચિંતન પ્રગટ કર્યું છે.

ગામડાંના લોકોનું ગુજરાન ખેતી ઉપર ચાલે છે. તેવી જ રીતે ખેતીનું ગાય ઉપર, આ એક પરસ્પર સહકારને કારણે તે સમયે ગાંધીજીએ ખેડૂતોને પશુધનનો પૂરો ખ્યાલ રાખવામાં જમાવ્યું હતું.

ગામડાના લોકોની સ્થિતિ સુધારવા માટે ખેતી, ગોપાલન અને બીજા ઉદ્યોગો ગામડામાં કેવી રીતે બેઠા થાય તેનો ગાંધીજી વિચાર કરતા, બાપુ કહે છે કે -

'ખેડૂતને ધરાઈને ખાવા મળવું જોઈએ, તેને પૂરતા પ્રમાણમાં તાજું સ્વચ્છ દૂધ, ઘી તથા તેલ મળવાં જોઈએ અને તે માંસાહારી હોય તો મચ્છી, ઈંડા અને માંસ મળવું જોઈએ.' (પૃ.૯૫)

ગ્રામવાસીઓના અણઘડપણાના પોપડા નીચે જુગજુગની સંસ્કારિતા છુપાયેલી પડી છે. એ પોપડો ઉખાડી નાખીને ગ્રામવાસીઓનાં દારિદ્રય અને નિરક્ષરતા દૂર કરવા જણાવ્યું છે. કર્ટિસે કહેલું કે -
'હિંદુસ્તાનનાં ગામડાં એ તો ઉકરડા છે.' (પૃ.૯૫)

કર્ટિસના વિધાનને આપણે સહન કરીને બેસી રહવાનું નથી. આપણે આપણાં ગામડાંને નમૂનેદાર બનાવવાં જોઈએ. ગામાડંને પોતાના જડબામાં જકડી રાખનાર ત્રિમૂર્તિ રાક્ષસમાં (૧) સામુદાયિક સ્વચ્છતાનો અભાવ (૨) ઓછો ખોરાક (૩) આળસ અને જડતાને જવાબદાર ગણ્યાં છે.

ખેડૂતોને ધરતીનું નૂર કહ્યા છે. જમીન તેમની છે અથવા હોવી જોઈએ. ઘેર બેસીને ખેતી કરાવનાર માલિક કે જમીનદારની નહીં.

ખાતર વિશે વાત કરતાં તેમણે બહારથી લાવવામાં આવતા ખાતર પાછળ પૈસાની જે બરબાદી થાય છે અને જમીન પણ બગડે છે તે વસ્તુ ઉપર લાલબત્તી ધરી છે. જનાવરના છાણનો અને વનસ્પતિના પાંદડાંઓનો ખાતર તરીકે ઉપયોગ કરવાથી કચરામાંથી કરોડો રૂપિયા પેદા થઈ શકે. આ ઉપરાંત, મળમાંથી ખાતર કેવી રીતે બનાવવું તથા તેનો શું ફાયદો છે તે પણ સમજાવ્યું છે.

પશુઓના છાણ અને મૂતરનો પણ ખાતર તરીકે સારો ઉપયોગ થઈ શકે અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેની પદ્ધતિને પણ સમજાવી છે. ખેતરમાં ઊગી નીકળતું ઘાસ, ઝાડનાં પાંદડાં, કપાસ, શેરડી, જુવાર, મકાઈના સાંઠામાંથી તથા ઘાસના ઓગાટ અને પરાનળનો ઉપયોગ કરીને કોમ્પોસ્ટ ખાતર બનાવી શકાય છે. ગાંધીજી મોટા ગજાના ખેડૂત હોય તે રીતે અહીં ખાતરના ઉત્પાદનનું વિગતવાર અને પદ્ધતિસર વર્ણન કર્યું છે.

આપણી પાસે મોટી મોટી નદીઓ છે. જાત જાતની જમીન છે અને આપણું પશુધન પણ ખૂબ સમૃદ્ધ છે. પરંતુ આપણે તેની બરાબર સંભાળ રાખતા નથી. તેથી આપણો દેશ કંગાળ બની રહે છે. ખેતીમાં સુધારો આવે તો ઘણા લોકોલના નિર્વાહ થઈ શકે.

ખાદી અને હાથકાંતણ નામના પ્રકરણમાં ખાદી વિશે જવાહરલાલ નહેરુના શબ્દો પણ નોંધવામાં આવ્યા છે. જવાહરલાલ ખાદી વિશે કહે છે કે-
'ખાદી હિંદની આઝાદીનો પોશાક છે.' (પૃ.૧૩૩)

ખાદી નાના નાના લોકોને રોજગારી પૂરી પાડી શકે છે. સાદાઈ, સેવા, સ્વદેશી અને અહિંસાની ભાવના ખાદીમાંથી દીપી ઊઠે છે. કાંતણ હજારો લોકોને આવડે છે. સહેલાઇથી શીખી શકાય છે. મૂડી રોકાણ કરવું પડતું નથી. દુકાળમાં રાહત આપે છે. રેંટિયાને આંટે આંટે શાંતિ, પ્રીતી અને બંધભાવના તાર કંતાય છે. સ્વાવલંબન માટે પણ ખાદીનું બહુ મૂલ્ય છે.

ખાદીને ગાંધીજી ગામડાના નભોમંડળનો સૂર્ય તરીકે ગણાવે છે. જ્યારે બીજા વિવિધ ઉદ્યોગોને ગ્રહો તરીકે વર્ણવ્યા છે. સાબુ, કાગળ, દીવાસળી બનાવવી, ચામડાં અને તેલની ઘાણીની નાના નાના લઘુ ઉદ્યોગો ગામડાની અર્થ રચનાને સંપૂર્ણ બનાવે છે.


ISSN 0976-9609

કોઈ કાર્ય પોતાની જાતથી શરૂ કરવાનું કહીને ગાંધીજી સરસ રીતે સમજાવે છે કે -

મુંબઈના કારખાનામાં બનેલા ટૂથબ્રશ કરતાં બાવળનું દાતણ વધુ સારું. (પૃ.૧૬૧)

મીલનું કપડું છોડીને ગામડામાં હાથે કાંતી-વણીને તૈયારી થયેલી ખાદી વાપરવાની પણ ચર્ચા કરી છે.

ગૌશાળાઓને આદર્શ દુગ્ધાલયો, ચર્માલયો અને ઘરડાં તથા અપંગ ઢોર માટેનું આશ્રયસ્થાન બનાવવી જોઈએ. ઘાણીનું તેલ, ગોળ, ખાંડનારી, મધમાખી ઉછેર, ચર્માલય વગેરે ઉપયોગી ગ્રામોદ્યોગો છે.

ગામડાનો વાહનવ્યવહાર પ્રકરણમાં ગાંધીજીએ ટૂંકા અંતરે પગે ચાલીને જવા અને લાંબી મુસાફરી માટે ગાડાનો ઉપયોગ કરવાનું જણાવ્યું ભારવાહક તરીકે બળદને કાયમ રાખવા જણાવ્યું. નાણાંને શ્રમની સાથે જોડવામાં આવેલ છે.

પ્રકરણ ત્રેવીસમાં ગ્રામસફાઈની વાત છે. સામાન્ય રીતે એવું બને છે કે આપણે ગામમાં પ્રવેશીએ ત્યાં જ ઉકરડાં જોવા મળે છે. આપણા ગામડાં ચોખ્ખાઈના નમૂના બનવાં જોઈએ. નદી, તળાવ અને કૂવાનું પાણી ગંદુ ન થાય તેની કાળજી રાખીએ. ગામડાંઓમાં ગંદકી થશે તો ચેપી રોગો ફાટી નીકળશે.

ચોવીસમા પ્રકરણમાં ગામડાનું આરોગ્ય એ વિષય ઉપર વાત કરી છે. વ્યક્તિએ તંદુરસ્તીના નિયમોનું જ્ઞાન મેળવી લેવાનું જરૂરી બને છે. જેનું મન નીરોગી હોય તેનું શરીર પણ નિરોગી રહે છે. માટી અને પાણીના પ્રયોગો પણ બતાવ્યા છે. આકાશ, તેજ અને વાયુ આ ત્રણ અને માટી તથા પાણી આ બે એમ કુલ પાંચ તત્ત્વોને અત્યંત ઉપયોગી ગણાવ્યા છે.

સામાન્ય દર્દ જેવાં કે તાવ, કબજિયાતમાં દર્દીએ ઘરગથ્થું ઉપચાર કરવા જોઈએ અને ગ્રામસેવકોની મદદ મેળવવી જોઈએ.

પ્રકરણ પચીસમાં ખોરાક વિશેનું છે. હવા, પાણી વિના આપણું જીવન શક્ય જ નથી. એ ખરું, પણ મનુષ્યનો નિર્વાહ તો ખોરાકથી જ થઈ શકે. અન્ન એનો પ્રાણ છે. ગાંધીજીએ ખોરાકના ત્રણ પ્રકારો પાડ્યા છે. માંસાહાર, શાકાહાર ને મિશ્રાહાર. લીલાં શાકભાજી, દૂધ અને કઠોળ તથા ફળો ખોરાકમાં પૂરતા પ્રમાણમાં લેવા જોઈએ. સાથે સાથે ચીકણા પદાર્થ તરીકે ઘી અને તેલનો પણ ઉલ્લેખ છે. ખોરું (જૂનું થવાથી બેસ્વાદ) બની ગયેલું ઘી કે તેલ ખાવા કરતા તેના વગર રહેવું વધારે પસંદ કરવા જેવું છે.

પ્રકરણ છવ્વીસમાં ગ્રામસંરક્ષણ ઉપર ગાંધીજીએ કેટલાક જરૂરી મુદ્દાઓ રજૂ કર્યા છે. શાંતિસેના સ્થાપવા સૂચના કરી છે જે સેનાના સૈનિકો અહિંસક હશે. સર્વધર્મ સમભાવ, પોશાક ધારણ કરેલો અને ચારિત્ર્યવાન હોવો જોઈએ. પોલીસની પણ જરૂરિયાત ગણાવી છે. જેમાં અહિંસક લોકોની ભરતી થશે. તેઓ લોકોના સેવક હશે, સરદાર નહીં. અહિંસક સેવાદળો સ્થાપવા.

પ્રકરણ સત્તાવીશમાં ગ્રામસેવક વિશેનું છે તેમાં આદર્શ ગ્રામસેવા, તેની ફરજો, લાયકાત, ગ્રામસેવા અને ગ્રામસેવકોના પ્રશ્નોની ચર્ચા છે. ગ્રામસેવક, સત્ય, અહિંસા અને ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવતો હોવો જોઈએ. ખાદીધારી, નિર્વ્યસની અને શિસ્તના નિયમોનું પાલન કરનાર હોવો જોઈએ.

ગ્રામસેવકે શિક્ષણ, સ્વચ્છતા, હરિજન સેવા વધારે સમય કોદાળી જેવાં ઓજારો વાપરવામાં કાઢવો જોઈએ. રાષ્ટ્રભાષા અને માતૃભાષાની સેવામાં અને સ્ત્રી કેળવણીમાં પણ ધ્યાન આપશે. ગ્રામસેવક આસપાસના પ્રદેશોમાં વાહન વગર કરીને ફરીને જ લોકોને ગ્રામસેવાનો સંદેશો પહોંચાડશે.

પ્રકરણ અઠ્યાવીસમાં સરકાર અને ગામડાં સંબંધિત ચર્ચા છે. સરકારે ગામડાના લોકોને કહેવાનું

છે કે તમારે જોઈતી ખાદી તમે જાતે પેદા કરી લો. આ ઉપરાંત ગામડાંની તપાસ કરીને ત્યાંના અથવા બહારના વેચાણ માટે ઓછી મદદે શું શું બનાવી શકાય તેની યાદી તૈયાર કરવી જોઈએ. સરકારે ગામડાંની કાળજી લેવી પડશે. તો જ મરવાં વાંકે જીવી રહેલા ગામડાંમાં નવું ચેતન લાવશે.

અંતમાં ઓગણત્રીસમાં પ્રકરણમાં હિંદ અને દુનિયાને ઉદ્દેશીને એક લેખ છે. હિંદ સ્વાવલંબી અને સ્વાશ્રયી બનવું જરૂરી છે. ગાધીજીની કલ્પનાનું પૂર્ણ સ્વરાજ નિરોગી અને પ્રતિષ્ઠિત છે. પાયાની કેળવણી દ્વારા બાળકોમાં સર્જનાત્મક શક્તિ વિકસાવીને આખા રાષ્ટ્રની મુખમુદ્રા બદલવાની આવા સેવીએ છીએ.

ગ્રામ સ્વરાજના વાંચનના આધારે મને એવું લાગે છે કે ભારતનાં ગામડાં વિશે ગાંધીજીએ આઝાદી પૂર્વે જે વાત કરી છે તેમાં સ્વચ્છતા, સ્વદેશી, સ્વાવલંબન, ગ્રામોદ્યોગો, ખેતી અને પશુપાલન તથા આરોગ્ય અને ખોરાક વિષયક ઘણી વાતોનો આપણે અમલ કરવાનો બાકી જ છે. દેશને તો સ્વરાજ મળી ગયું છે. પણ આઝાદીના આટલાં વર્ષો બાદ પણ ગામડામાં લોકોના જીવનના પ્રશ્નો એમના એમ જ ઊભા છે. કોરોના કાળમાં આપણે ગામડાનું ખરું મૂલ્ય જાણી શક્યા છીએ.

કોરોના પૂર્વે આખા દેશનું અર્થતંત્ર ઉદ્યોગો અને શહેરો ઉપર અવલંબિત બની ગયું હોવાથી આ મહામારીથી કમરતોડ ફટકો પડ્યો. ગાંધીજીની કલ્પના મુજબનું ગ્રામ સ્વરાજ વર્તમાન સમયમાં અસ્તિત્વમાં હતું નહીં. ગામડાં સ્વનિર્ભર હોત તો આર્થિક અસર નહિવત્ હોત. વીતી ગયેલા સમય ઉપર અફસોસ કરવાની જરૂર નથી પણ આગામી સમયમાં લોકોને ગાંધીવિચાર ફરી યાદ આવે તો નવાઈ નહીં. આ રીતે જોતાં ગાંધીનું ગ્રામ સ્વરાજ અને તેમાં રહેલું તેનું અર્થશાસ્ત્રનું ચિંતન આજે પણ પ્રસ્તુત લાગે છે.

તેમ છતાં ગામડાંઓ આજે પરિવર્તનના માર્ગે છે. વિકાસના અનેક પ્રયત્નો થયા છે જેમ કે પાકા રસ્તાઓ, વીજળીની સુવિધા, મોબાઈલ નેટવર્ક અને આરોગ્ય કેન્દ્રોનો વિકાસ. ખેતીમાં ટ્રેક્ટર, સિંચાઈ અને સારું બિયારણ જેવી નવીન ટેકનોલોજી અપનાઈ રહી છે. શિક્ષણના માધ્યમથી ગ્રામ્ય યુવાનો હવે સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને નોકરીઓ માટે તૈયાર થાય છે.

તમે જોશો તો ઘણા ગામડાંઓમાં સ્માર્ટ ગામની દિશામાં પ્રયાસો થઈ રહ્યા છે. પરંતુ બીજી બાજુ કેટલાક ગામોમાં પાણીની અછત, બેરોજગારી, આરોગ્યસેવાઓની અછત અને યુવાનોના નગરો તરફ માઇગ્રેશન જેવી સમસ્યાઓ યથાવત છે. સામાજિક અસમાનતા, જાતિવાદ અને જૂના પરંપરાગત વિચારો હજી પણ અનેક ગામડાંઓમાં દષ્ટિગોચર થાય છે.

આપણે જરૂર છે તેવા સંકલિત વિકાસની જે ગામડાઓને આત્મનિર્ભર, આધુનિક અને સમૃદ્ધ બનાવી શકે. સરકાર, એનજીઓ અને ગામ લોકોની એકતાથી આ પરિવર્તન શક્ય છે.

**સંદર્ભ :**

ગાંધીજી, સંકલન : વ્યાસ હરિપ્રસાદ
(પ્ર.આ. ૧૯૬૩, નવમું પુનર્મુદ્રણ-જુલાઈ ૨૦૧૮)
ગ્રામસ્વરાજ, નવજીવન પ્રકાશન મંદિર,
અમદાવાદ-૩૮૦૦૧૪

---

Assistant Professor
Department of Gujarati
Nalini - Arvind & T. V. Patel Arts
College, Vallabh Vidyanagar,
Dist : Anand - 388120
(M) 8980275149
Email :bhikhajetalpura9371@gmail.com


ISSN 0976-9609

## ।। ચિંતન કણિકા ।।
# Shakespear Quote

**આર. કે. માંડલિયા**

Give thy thoughts no toungue,
Not any unproportioned thought his act.
Be thou familiar but by no
means vulgar....
Give every man thy ear but
few thy voice...
Take each man's censure but
reserve thy judgment.
Neither a borrower not a lender be,
For loan oft loses both itself and friend,
And borrowing dulls the
edge of husbandry.
This above all : to thine oen self be true,
And it must follow, as the night the day,
Thous canst not then be false
to any man. Farewell.
(William Shakespeare's Hamlet
Act : I Scene-III)

વિલિયમ શેકસપિયરની ચાર કરુણાંતિકાઓ - ટ્રેજેડીમાંથી સૌથી વધુ ચર્ચિત અને પ્રચલિત કરુણાંતિકા હેમલેટના પ્રથમ અંકના ત્રીજા દશ્યમાં આ સંવાદ પોતાના દિકરા લાર્ટસને સંબોધીને બોલે છે. લાર્ટસ પોતાના ભણતર અર્થે પેરિસ જઈ રહ્યો છે ત્યારે પિતા પોતાનાં પુત્રને શિખામણ બોધનાં ભાવથી આ વાકયો બોલે છે. પ્રસ્તુત વાકયોમાં જીવનનાં કેટલાક નક્કર-ઠોસ સત્યો ઉજાગર થાય છે. જીવન-પથ પર મળનાર વ્યક્તિઓ સાથે કેટલું હળવું, મળવું, બોલવું અને કેટલો તથા કેવો વ્યવહાર રાખવો તે બાબતો પર અંગુલિનિર્દેશ કરે છે. વાત અહીં મીંઢા બનવાની વૃત્તિની નથી પરંતુ વાણી-વ્યવહારનાં સંયમની છે. પોતાના પુત્રને પિતા ઉપરોક્ત વિધારો દ્વારા વાણી-વ્યવહારનાં પાઠ ભણાવી રહ્યાં છે.

પિતાની પુત્રને પહેલી સલાહ છે કે વગર વિચારે તારા વિચારોને વાચા આપીશ નહીં. અને અસંતુલિત વિચારોને કાર્યોમાં પરિવર્તિત કરવાની ગંભીર ભૂલ તો ભૂલથી પણ ન કરીશ. વગર વિચારે કરેલ શાબ્દિક અને વૈચારિક વિનિમય અંતે દુ:ખદાયી પૂરવાર થાય છે

બીજી સલાહ છે, બીજા શું બોલે છે તે ધ્યાનથી સાંભળજે પરંતુ તારા વિચારોને શબ્દોમાં મૂર્તિમંત કરીશ નહીં. પોતાના મત અભિપ્રાયને તુરંત અભિવ્યક્ત કરવાની ગંભીર ભૂલ કરીશ નહીં.

પિતાની ત્રીજી સલાહ પુત્રને તે છે કે જેના કારણે માનવસમાજનાં આંતર સંબંધોમાં વિક્ષેપ ઊભો થતો હોય છે. તું કોઈને પૈસા ઉછીના આપીશ નહીં અને લઈશ પણ નહીં. આ એક એવો વ્યવહાર છે કે જેમાં બંને વસ્તુઓ ગુમાવવાની નોબત આવે છે. પૈસા અને મિત્ર. વારે વારે પૈસા ઉછીના માગવાથી કે આપવાથી આપનારની દયા અને સદ્‌ભાવનાનો હ્રાસ થાય છે. કોઈપણ વ્યક્તિ બીજા વ્યક્તિને કાયમ માટે તો મદદ ન જ કરી શકે.

પિતાની ચોથી અને અંતિમ સલાહ છે કે તું તારી જાતને કદાપિ છેતરીશ નહીં. જો તું તારી જાત સાથે સાચો રહીશ તો અન્ય સાથે પણ તું સાચો રહી શકીશ. જે પોતાની જ જાતને છેતરતું હોય, તે અન્ય સાથે સાચું કેવી રીતે રહી શકે ? આ એક એવું સનાતન સત્ય છે. જેવું સનાતન સત્ય છે કે દિવસ પછી રાત્રિ થાય છે અને રાત્રિ પછી દિવસનું આગમન થાય છે.

શેક્સપિયરના આ વાકયોમાં જીવનનાં સનાતન સત્યના અજવાળા પથરાય છે. કોઈપણ પ્રકારનું ઔપચારિક અને પરંપરાગત શિક્ષણનાં અભાવમાં પણ આવી સમજ હોવી તે પ્રતિતિ કરાવે છે કે શેક્સપિયરે પોતાની સમજણના પાઠ જીવનની પાઠશાળા માંથી શીખ્યા હતા.

(મો) ૮૩૨૦૧૯૫૨૮૨

## ।। પ્રાસંગિક ।।

### મેડે કૉલ

હવાઈ ઇમર્જન્સી સમયે વપરાતો "મેડે" કૉલ શું છે ?

બદનસીબે આજે તારીખ ૧૨ જૂન, ૨૦૨૫ના દિવસે અમદાવાદમાં એર ઇન્ડિયાની ફ્લાઇટ દુર્ઘટના ગ્રસ્ત થઈને ક્રેશ થઇ. પરમકૃપાળુ પરમેશ્વર તમામ હતભાગીઓના આત્માને શાંતિ અર્પે અને તેમના નજીકના તમામ સગા સંબંધીઓને અચાનક આવેલી આ દુ:ખની ઘડીને સહન કરવાની શક્તિ આપે એ જ પ્રાર્થના...

આજે સમાચારમાં જોયું હશે કે પાઇલોટે "મેડે" કૉલ આપ્યો હતો. તો મોટા ભાગના લોકોને ખબર નહીં હોય કે આ "મેડે" કૉલ શું છે ? આજે જોઈશું એના વિશે "મેડે" કૉલ કોઈ પણ આકસ્મિક પરિસ્થિતિમાં આપવામાં આવે છે. જેનો અર્થ થાય છે કે એ કોલ આપનાર વ્યક્તિને તુરંત મદદની જરૂર છે. ઇંગ્લેન્ડમાં ૧૯૨૦માં ફ્રેડ્રિક સ્ટેનલી મોકફોર્ડ નામના ક્રેડન એરપોર્ટના રેડીઓ ઇન્ચાર્જને કહેવામાં આવ્યું કે ઇમર્જન્સી સમયે મદદ માટે એક એવો શબ્દ શોધો જે રિસીવર માટે સાંભળવામાં સ્પષ્ટ હોય અને બોલનાર માટે પણ ઝડપી અને સરળ હોય. ફ્રેડ્રિકે એ દિવસે "મેડે" (MayDay) શબ્દ પહેલી વાર રજૂ કર્યો હતો. ક્રેડન એરપોર્ટથી ઉડનારી ફ્લાઇટ માટે આ શબ્દ ઇમર્જન્સીમાં વાપરાવા લાગ્યો. ધીમે ધીમે આ શબ્દ અમેરિકા સહિત વિશ્વભરમાં સ્વીકૃત બન્યો. મેડે પહેલા મદદ માટે સંદેશો મોકલવા મોર્સ કોડ વપરાતો જેમાં ઘણીવાર ગેરસમજ ઊભી થતી હતી.

મેડે શબ્દ મૂળ ફ્રેન્ચ શબ્દ m'dair પરથી લેવામાં આવ્યો હતો જેનો અર્થ થાય છે "મને મદદ કરો". મેડે કૉલનો ઉપયોગ હવાઈ તેમજ દરિયાઈ બન્ને ઇમર્જન્સીમાં કરવામાં આવે છે. અમુક વાર જે દરિયાઈ ઇમર્જન્સી સમયે મદદ જેણે જોઈતી હોય તે જહાજનો રેડિયો કામ ના કરતો હોય તો નજીક રહેલું અન્ય જહાજ મેડે કૉલ પ્રસારિત કરે છે જેણે "મેડે રીલે" કહેવામાં આવે છે એટલે કે મેડે કૉલ રીલે કરનાર અને મદદની જરૂર છે એ બન્ને જુદા જુદા જહાજો છે. અમેરિકા સહિતના ઘણા દેશોમાં પાછો એક નિયમ છે કે જો ખરેખર ઇમર્જન્સી ના હોય તો મેડે કૉલ પ્રસારીત ના કરી શકાય અન્યથા આર્થિક દંડ સહિત જેલની સજા પણ થઈ શકે છે.

હવાઈ દુર્ઘટનાના સમયે જો મેડે કૉલ રિસીવ કરે કોઈ એર ટ્રાફિક કંટ્રોલર તો હવાઈ ઉડ્ડયન નિયમાવલી અનુસાર એ સમયે એરપોર્ટ પર હાજર તમામ કર્મચારીઓ નોકરી પર છે એવુ માનીને કામમાં લાગી જવાનુ હોય છે ભલે કર્મચારીના નોકરીના કલાકો પુરા થયા હોય અને ઘરે જઈ રહ્યો હોય અથવા તો નોકરી ચાલુ થવાની વાર હોય અને એરપોર્ટ પર હાજર હોય તો આવા તમામ કર્મચારીઓની નોકરી ચાલુ જ છે એવુ માનીને એમની પાસે જરૂર જણાય એ મુજબની કામગીરી એમના ઉચ્ચ અધિકારી તાત્કાલિક ધોરણે લઈ શકે છે.

દરિયાઈ મેડે કૉલ સમયે જો કોઈ જહાજ આફતમાં ફસાયેલાં જહાજની આજુબાજુ હોય અને ઈરાદાપૂર્વક મદદ કરવાનું ટાળીને આગળ વધે તો તેના કેપ્ટન પર શિક્ષાત્મક પગલાંઓ ભરવામાં આવી શકે છે. આવું ટાઇટેનિક જહાજના કેસમાં બનેલું અને મદદ કર્યા વગર આગળ વધી જનાર કેલિફોર્નિયા જહાજના કેપ્ટન પર અમેરિકામાં મુકાદમો ચાલ્યો હતો અને કેપ્ટનને જેલની સજા થઈ હતી.

અંતે આજે થઈ એવી વિમાની હોનારત દુનિયામાં ક્યાંય ના થાય એવી આપણે પરમાત્માને પ્રાર્થના કરીએ.... જય હિન્દ...

---

સૌજન્ય : સામાજિક મીડિયા


ISSN 0976-9609

**|| સામાજિક ||**

## ઈમોશનલ બ્લેકમેઈલિંગ

**અર્જુનસિંહ કે. રાઉલજી**

બોંતેર વર્ષના દાદા ભીખુદાદાને તેમનો પૌત્ર નાનકો બહુ વહાલો હતો, કહેવત છે કે રૂપિયા કરતાં વ્યાજ વધારે વહાલું હોય, એ કહેવત ભીખુદાદાની બાબતમાં સાચી પડતી લાગતી હતી.

ભીખુદાદાને માત્ર એક જ પુત્ર હતો અને આ નાનકો તેનો જ પુત્ર હતો. નાનકાને પણ દાદા સાથે અનોખો લગાવ હતો. દાદા અને બા સાથે જ સૂઈ રહેવાનું. દાદાએ સ્ટોરી કહેવાની અને તેના બરડે હાથ ફેરવવાનો. એ સ્ટોરી સાંભળતો સાંભળતો જ ઉંઘી જતો. પણ તેની મમ્મીએ દાદાની આ દુખતી રગ પકડી લીધી હતી. દાદાએ કઈ કહ્યું હોય કે કોઈ વાત ઉપર ગુસ્સે થયા હોય, અથવા તો અવનીને પોતાને જ કોઈ વાતે સાસુ સસરા ઉપર ગુસ્સો આવ્યો હોય એટલે તે આ ઈમોશનલ બ્લેકમેઈલિંગનું જ હથિયાર ઉગામતી. નાનકાને ઘસીને ના પાડી દેતી, તારે આજે મારી સાથે જ સૂવાનું છે. બા-દાદા સાથે સૂઈ સૂઈને તને ખોટી ખોટી ટેવો પડી જાય છે. ગમે તેવી સ્ટોરીઓ સાંભળીને ગમે તેમ બોલવાનું શીખે છે...! દાદા વિનંતી કરતા. હું તો એ સારું શીખે, કંઈક મોરલ હોય એવી વાર્તાઓ કહું છું, એને અમારી સાથે સૂવા દો. નાના ફૂલ જેવા બાળક ઉપર આમ જુલમ ના કરશો પણ અવની તેમની એક પણ વાત સાંભળતી નહિ. દાદા આખી રાત પડખાં ઘસતા રહેતા. તેમને ઊંઘ આવતી જ નહિ. આ રીતે અવતી સસરા પાસે પોતાનું ધાર્યું કરાવવા તેમનું ઈમોશનલ બ્લેકમેઈલિંગ કરતી.

આજકાલ પત્નિ પતિનું, પતિ પત્નીનું, પિતા પુત્રનું, પુત્ર પિતાનું, ટૂંકમાં જે એકબીજા સાથે લાગણીથી જોડાયેલા હોય એ લોકો એકબીજાનું ઈમોશનલ બ્લેકમેઈલિંગ કરે છે ! અને જ્યારે આ પ્રકારનું ઈમોશનલ બ્લેકમેઈલિંગ કરે છે ! અને જ્યારે આ પ્રકારનું ઈમોશનલ બ્લેક મેઈલિંગ મર્યાદા વટાવી લે ત્યારે કાં તો આત્મહત્યા થાય છે. અથવા તો પછી મર્ડર થાય છે. ! આજકાલ થતા આપઘાતના કિસ્સાઓમાંથી લગભગ ૭૫ કિસ્સાઓ આવા ઈમોશનલ બ્લેક મેઈલિંગ સાથે જ સંકળાયેલા હોય છે.

ઈમોશનલ બ્લેકમેઈલિંગ એટલે કોઈ વ્યક્તિ બીજા વ્યક્તિના વર્તનને પોતાના હિતમાં નિયંત્રિત કરવાનો પ્રયાસ કરે તે.

**ઈમોશનલ બ્લેક મેઈલિંગના કેટલાક સંકેત :**

- ડર, કર્તવ્ય, અને ગુનાની ધમકી આપી ખૂબ જ હોશિયારીથી વ્યક્તિને ફસાવવાનો પ્રયાસ કરવો.
- કોઈપણ પ્રકારનો પ્રતિકાર કર્યા વિના વ્યક્તિની મનમાની સહન કરવી.
- સંબંધોમાં વધતું પ્રેશર, ડીમાન્ડ, બોડી લેંગ્વેજ અને કોઈક વાત માટે વારંવાર મજબૂર કરવું.
- પોતાની જાતને નિર્દોષ સાબિત કરી પાર્ટનરને જ જવાબદાર દર્શાવવો.
- પાર્ટનરની ફરિયાદ સાંભળતાં પહેલાં જ તેને કોઈને કોઈ વાતે ગુનેગાર દર્શાવી રજૂ કરવો.
- ઈમોશનલ બ્લેકમેઈલિંગમાં સીધી કે આડકતરી રીતે ધમકીઓ આપી શકાય છે.

**સીધી ધમકીઃ**

"જો તમે આજે રાતે દોસ્તો સાથે બહાર જશો, તો તમે જયારે પાછા આવશો ત્યારે હું અહીં નહિ રહું."

**આડકતરી ધમકી :**

"જો તમે આજે રાતે મારી સાથે નહિ રહો તો કોઈ બીજી વ્યક્તિ મારી સાથે રહેશે."

મનોરોગ ચિકિત્સક સુસાન ફોરવર્ડ દ્વારા સંબંધોમાં લોકોને નિયંત્રિત કરવા અને ડર, જવાબદારી અને અપરાધ એ નિયંત્રક અને નિયંત્રિત વ્યક્તિ વચ્ચેના વ્યવહારની ગતિશીલતા દર્શાવતા સિદ્ધાંતને ભાવનાત્મક બ્લેકમેઈલ કહેવામાં આવ્યું હતું. આ

ગતિશીલતાને સમજવી એ દરેક વ્યક્તિ માટે ઉપયોગી છે જે પોતાને અન્ય વ્યક્તિના નિયંત્રિત વર્તનમાંથી બહાર કાઢવાનો પ્રયાસ કરે છે. અને અન્ય લોકો માટે અસ્વસ્થતા, અનિચ્છનીય, બોજારૂપ અથવા આત્મ બલિદાન જેવી વસ્તુઓ કરવા માટે તેમની પોતાની ફરજો સાથે વ્યવહાર કરે છે !

ફોરવર્ડ અને ફ્રેઝિયર પોતાની માનસિક મેનીપ્યુલેશન શૈલી સાથે આ પ્રકારના બ્લેકમેઈલના ચાર પ્રકારો દર્શાવે છે.

**સજા કરનારની ધમકી :**

તેઓએ તમારા માટે બનાવેલો ખોરાક ખાઓ અથવા તેઓ તમને નુકશાન કરશે.

**સ્વશિક્ષા કરનારની ધમકી :**

તેઓએ તમારા માટે બનાવેલો ખોરાક ખાઓ અથવા તેઓ પોતાને નુકસાન પહોંચાડશે.

**પીડિતની ધમકી :**

તેઓએ તમારા માટે બનાવેલો ખોરાક ખાઓ તેઓ તેને પોતાના માટે સાચવતા હતાં. તેઓ વિચારે છે કે હવે શું થશે.

**ટેન્ટાલાઈઝરની ધમકી :**

તેઓએ તમારા માટે બનાવેલો ખોરાક ખાઓ અને તમને ખરેખર સ્વાદિષ્ટ ખોરાક મળી શકે ને ના પણ મળે.

**પુનઃપ્રાપ્તિ :**

ભાવનાત્મક બ્લેકમેલનો પ્રતિકાર કરવા માટેની ટેકનીકોમાં વ્યક્તિગત સીમાઓને મજબૂત બનાવવી માંગનો પ્રતિકાર કરવો, પાવર સ્ટેટમેન્ટ વિકસાવવું એટલે કે દબાણનો સામનો કરવાનો નિર્ધાર અને જુની પેટર્નને તોડવા માટે સમય ખરીદવો. બ્લેકમેઈલરે વધુ પડતું શાસન કર્યું હતું તે સ્વયંના સ્વાયત્ત ભાગો સાથે ફરીથી જોડાવું જરૂરી નથી. વ્યક્તિ ભાવનાત્મક બ્લેકમેલના આધારે ગુનેગાર લાગે છે. ભલે તે અપરાધને પ્રેરિત અને અતાર્કિક ગણતો હોય ! તેમ છતાં હજુ પણ વધુ પડતા વળતરનો પ્રતિકાર કરવા સક્ષમ છે, અને ક્રોધાવેશાના માર્ગે ધ્યાન ખેંચવાના બ્લેકમેલરના પ્રયાસને નિષ્ફળ બનાવી શકે છે.

જો કે મૈત્રીપૂર્ણ રીતે ચાલાકીને સતત અવગણવાથી તેની તીવ્રતા વધી શકે છે જેનું પરિણામ અલગ થવાની ધમકીઓ પણ આવી શકે છે.

**સાંસ્કૃતિક ઉદાહરણો :**

- અન્જેલા કાર્ટરે બ્યુટી એન્ડ ધ બીસ્ટને તેના ટાર્ગેટ બ્યુટીને નિયંત્રિત કરવાના સાધન તરીકે બીસ્ટના ભાગ પર ભાવનાત્મક બ્લેકમેલનું ગૌરવ ગણાવ્યું હતું.
- નવલકથાકાર ડોરિસ લેસીંગે દાવો કર્યો હતો કે હું પાંચ વર્ષનો હતો ત્યાં સુધીમાં હું ઈમોશનલ બ્લેકમેલીંગમાં નિષ્ણાત બની ગયો હતો !

જો કે ડેનિયલ મિલર વાંધો ઉઠાવે છે કે લોકપ્રિય મનોવિજ્ઞાનમાં તો ઈમોશનલ બ્લેકમેઈલીંગ વિચારનો દુરુપયોગ અન્ય લોકો માટે કોઈ પણ પ્રકારની સાથી લાગણી અથવા વિચારણા સામે સંરક્ષણ તરીકે કરવામાં આવે છે.

બ્લેકમેલ અને મેનીપ્યુલેશન જેવાં બળતરા પૂર્ણ શબ્દો સાથે આ ગતિશીલનું લેબલ એટલું મદદરૂપ ન થઈ શકે કારણ કે બંને ધ્રુવીકરણ છે અને તે પૂર્વચિંતન અને દુષિત ઉદ્દેશ સૂચવે છે. વર્તનને નિયંત્રિત કરવું અને નિયંત્રિત થવું એ બે લોકો વચ્ચેના વ્યવહાર છે જેમાં બંને ભાગ ભજવે છે આમ છતાંપણ જો વ્યક્તિ પોતાની લાગણીઓ નિયંત્રણમાં રાખતાં શીખી જાય તો તે આવા ઈમોશનલ બ્લેક-મેઈલિંગથી બચી શકે છે.

---

૪૨, કૃષ્ણશાંતિ સોસાયટી-૨,
મુજમહુડા, વડોદરા-૩૯૦૦૨૦,
(મો) ૯૯૭૪૦૬૪૯૯૧



ISSN 0976-9609

॥ પુસ્તક સમીક્ષા ॥

## હિયર, ધેર એન્ડ એવરિવ્હેર–સુધા મૂર્તિની શ્રેષ્ઠ વાર્તા

**મનીષા રાઠોડ**

હિયર, ધેર એન્ડ એવરિવ્હેર – સુધા મૂર્તિ. સરળ ભાષામાં લખાયેલું અને સંવેદનાથી ભરપૂર આ પુસ્તક માત્ર વાંચવા માટે જ નહીં, પણ જીવનને સમજવા માટે ખૂબ જ ઉપયોગી છે. આ પુસ્તકમાં સુધા મૂર્તિએ પોતાની ભાષા સરળ અને સામાન્ય વર્ગને સમજાય એવી રાખી છે. તેમ છતાં તેમાં લાગણીઓનો સ્પર્શ છે. પુસ્તકમાં સમાવેલી વાર્તાઓ વાંચતી વખતે એવું લાગે છે કે જાણે આ આપણા જીવનની જ કોઈ ઘટના છે.

સુધા મૂર્તિ માત્ર લેખિકા નથી. તેઓ એક તંત્રી, ઈન્ફોસીસના ચેર પર્સન, શિક્ષિકા અને સહાનુભૂતિ થી છલકાતું વ્યક્તિત્વ છે. પદ્મશ્રી, પદ્મભૂષણ, આર. કે. નરાયણ પુરસ્કાર, કન્નડ સાહિત્ય એવોર્ડ, રેમંડ ક્રોસવર્ડ લાઈફટાઈમ એવોર્ડ જેવા અનેક સન્માનો તેમને પ્રાપ્ત થયા છે. તેમણે સૌ પ્રથમ કન્નડમાં લખવાનું શરૂ કર્યું અને પછી અંગ્રેજીમાં પહેલ કરી. હિયર ધેર એન્ડ એવરિવ્હેર એમના અંગ્રેજી લખાણોની શ્રેષ્ઠ વાર્તાઓનો સંગ્રહ છે, જેમાં કેટલીક અગાઉ પ્રસિદ્ધ વાર્તાઓ છે. અને કેટલીક નવી વાતાઓ પણ છે. આ પુસ્તકમાં તેમનો સાહિત્યિક પ્રવાસ રજૂ થયો છે.

પુસ્તકમાં સમાવિષ્ટ વાર્તાઓ માત્ર કથા નથી, એ જીવનમૂલ્યો, લાગણીઓ અને સંવેદનાનો સરવાળો છે. એક જગ્યાએ તેઓ કહે છે કે કોઈ અંધ વ્યક્તિને રંગ કેવી રીતે પારખી શકે ? જાસુદની સુગંધ સફેદ રંગની છે અને ગુલાબની લાલ. જો કોઈ વ્યક્તિ જોઈ નથી શકતી તો તે માત્ર સુગંધથી જ કલ્પના કરી શકશે. એ રીતે જોઈએ તો દરેક વ્યક્તિ કોઈને કોઈ રીતે અંધ છે, પણ દરેકની અંદર એક પ્રકારનું ઘ્રાણસંવેદન હોય છે. જેને લીધે એ જીવનને અનુભવી શકે છે. સુધા મૂર્તિ જીવનને ખૂબ નજીકથી નિહાળે છે. તેમાં સમાજ, પરિવાર, વિદ્યાર્થીઓ, ભારતીય સ્ત્રીઓ અને એના પોતાના અનુભવોનો સમાવેશ થાય છે.

આ પુસ્તકમાં વિદેશ પ્રવાસોની યાદગાર ઘટનાઓ છે. કર્ણાટકની સંસ્કૃતિ, ફળ અને શાકભાજીની યાત્રા જેવી કલ્પનાશીલ તેમ છતાં સંવેદનશીલ વાતો છે. કેટલી વાર્તાઓ આજે પણ ભારતીય સમાજમાં કેટલાં અંધવિશ્વાસો પ્રવર્તે છે. એ તરફ અંગુલિનિર્દેશ કરે છે, તો કેટલીક વાર્તાઓ આપણા સંસ્કાર, મમત્વ અને બોધપ્રદ દષ્ટિકોણ તરફ દોરી જાય છે. વાંચકને એમાં ક્યાંકને ક્યાંક પોતાનું પ્રતિબિંબ દેખાય છે. વાંચતી વખતે લાગે છે કે જીવનના વિવિધ પાસાંઓને આપણે સ્પર્શી રહ્યા છીએ જેમ કે શાળાના દિવસો, માતા-પિતા સાથેના નમ્ર સંવાદ, શિષ્ટાચાર, દયાળુતા અને પોતાના કામ પ્રત્યેની પ્રમાણિકતા.

આ પુસ્તકમાં સુધા મૂર્તિએ જિંદગીના વિવિધ પાસાઓને વ્યક્ત કરવા માટે વાર્તાઓને એક અનોખી શૈલીમાં રજૂ કરી છે. જે સાધારણ માણસની જિંદગી અને અનુભવોને પ્રતિબિંત કરે છે. તેમાં ગામડાંનું વર્ણન, શહેરોના સંસ્કાર અને અન્ય દેશોના પ્રવાસોની તથા સંસ્કૃતિની ઝલક પણ જોવા મળે છે. તેમાંથી ઊભરતી ભાવનાઓ અને અનુભવો સરળ અને સહજ ભાષામાં સમજાવવામાં આવ્યા છે.

મારા મન પર કાયમી છાપ છોડી ગયેલી કેટલીક વાર્તાઓ છે. ધ રેડ રાઈસ ગ્રેનરી જેમાં તેમના દાદા-દાદી ભૂખ્યા અને જરૂરિયાતમંદોને ઉચ્ચ ગુણવત્તાવાળા ચોખા કેવી રીતે આપતા હતા અને દરરોજ પોતે હલકી ગુણવત્તાવાળા ચોખા ખાતા હતા તેનું સંવેદનાથી છલકાતું વર્ણન છે. ત્યાગની ભાવનાનું ઉત્તમ દર્શન આ વાર્તામાં થાય છે. 'કેટલ ક્લાસ' જે દંભીઓના ચહેરા પર એક જોરદાર થપ્પડ છે. માત્ર વ્યકિતના બાહ્ય દેખાવ અને વસ્ત્રો પરથી તેના વ્યક્તિત્વનું મૂલ્યાંકન કરવાની હિન ભાવનાનું ચોટદાર

વર્ણન આ વાર્તામાં છે. 'રહેમાનનો અવ્વ' એક મુસ્લિમ છોકરાની વાર્તા છે, જેનો ઉછેર એક હિન્દુ માતા દ્વારા કરવામાં આવ્યો હતો. જેણે તેને મુસ્લિમ તરીકે સ્વીકારીને જ ઉછેર્યો હતો. માતૃત્વ કયારે.ય ધર્મનો ભેદભાવ નથી કરતું. એ ભાવનાનુ ઉજાગર કરતી આ સુંદર વાર્તા છે. એ લાઈફ અનરિટન જેમાં સુધાના પિતા જે પોતે એક ડૉક્ટર છે, તેઓ એક દુ:ખી છોકરીને બાળકને જન્મ આપવામાં મદદ કરે છે અને દાયકાઓ પછી અણધારી રીતે તે છોકરીને મળે છે. વર્ષો બાદ તેમણે વાવેલા ભલાઈના બીજનું ફળ જોઈ શકે છે. તમે સો બાળકોની માતા બનો એ વાર્તામાં તેઓ તેમની દાદીના દયાળુ, ઉદાર અને વિશ્વસનીય સ્વભાવનું વર્ણન કરે છે. તેઓ એક નિષ્ણાત દાયણ અને પ્રેમાળ દાદી છે. તેમના વ્યવહારમાં વાત્સલ્ય ઉભરાય છે. જે દરેક પેઢીને સ્પર્શે છે. અને છેલ્લે 'બોમ્બે ટુ બેંગ્લોર' તેમના જીવનનો એક એવો કિસ્સો છે જેણે બે શહેરો વચ્ચે મુસાફરી કરતી વખતે ટ્રેનમાં મળેલી એક નાની છોકરીનું ભાગ્ય બદલી નાખ્યું. નિ:સ્વાર્થભાવે કરેલી મદદ અને સેવા કોઈના જીવનમાં કેટલો બદલાવ લાવી શકે તેનું ઉત્તમ ઉદાહરણ આ વાર્તા છે.

સૂક્ષ્મ રીતે જોવામાં આવે તો હિયર ધેર એન્ડ એવરિવ્હેર એ એક એવી પુસ્તિકા છે જે આપણા આંતરિક વિશ્વ સાથે વાત કરે છે. આપણે જીવનમાં કઈ રીતે મૃદુ બનવું. અન્યના દુ:ખને પોતાનું સમજવું એ બધું આ પુસ્તક દ્વારા શીખી શકાય છે. સુધામૂર્તિ લેખક તરીકે ફક્ત લખવા માટે નથી લખતા પરંતુ તેમણે જીવેલા અનુભવોને જીવંત કરે છે. તેઓ આપણને કહે છે કે દરેક જીવન એક અનોખી વાર્તા છે. આપણે એ વાંચવા માટે થોડી ક્ષણો રોકાવું જોઈએ. જીવનના દરેક તબક્કે, દરેક વયે આ પુસ્તક વાંચીને કંઈક નવું શીખી શકાય એવું છે.

સુધા મૂર્તિની લેખનશૈલી ખૂબ સરળ છે. તેમ છતાં અત્યંત અસરકારક પણ છે. એમાં કયાંય અતિશયોક્તિ નથી. આમ છતાં, તે જીવનના તમામ ખૂણાઓને આવરી લે છે. અને વાંચનકાળ દરમિયાન હૃદય પર ભારે અસર ઉપજાવે છે. તેઓ કહે છે કે લેખન એ હૃદયથી ભરેલું કાર્ય છે, અને આ સરળતામાં પણ ગહનતા છુપાયેલી છે. પુસ્તકની વાર્તાઓનું સંકલન તેમનું જીવન અને તેમના વિચારોનું આદર્શ પ્રતિબિંબ છે. આ વાર્તાઓમાં તેમની સમાજસેવી પ્રવૃત્તિઓની ઝલક, વ્યકિતત્વ દઢતા અને સામાન્ય માણસની સાથેની સંવેદના નજરે પડે છે. આ બધું વાચકને જીવનમાં ધીરજ અને સન્માન સાથે આગળ વધવાની પ્રેરણા આપે છે.

આ પુસ્તકની વાર્તાઓ હળવી અને હૃદયી-સ્પર્શી છે. વાંચતાં વાંચતાં ક્યારેય આંખો ભીની થઈ જાય છે. તો વળી ક્યારેક દંભી સમાજ સામે રોષ જાગે છે. આ એક એવું પુસ્તક છે કે જેની સાથે તમે હસી શકો, રડી શકો અને કંઈક નવું શીખી શકો છો. રજાઓમાં કે એકાંતના સમયમાં વાંચવા માટે આ ઉત્તમ સાથી બની શકે.

પુસ્તકના પીળા કવર પર લેખકનો આત્મવિશ્વાસપૂર્ણ હસતો ચહેરો દર્શાવવામાં આવ્યો છે. એક વાર્તા વાંચીને નવી વાર્તા વાંચવાની ઈંતેજારી રહે એવું સુંદર પુસ્તક આપ સૌ પણ વાંચો અને અન્ય સાથે વહેંચો એવી અભ્યર્થના.

---

આધ્યાપિકા, મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગ
એ.ડી.આઈ.ટી.કોલેજ,
ન્યૂ વલ્લભ વિદ્યાનગર (મો) ૯૯૦૪૨૩૭૮૪૭


ISSN 0976-9609

॥ નવલિકા ॥

## અમર પ્રીત

**નિશાબેન જે. વાઘેલા**

"કાઠિયાણી કેડ પાતળી, હલકતી માથે હેલ,
બરડા કેરી બજારમાં, જાણે ઢળકતી આવે ઢેલ."

"જરા તરસ્યા મુસાફરને પાણી પાશો કે ?" ઘોડે સવાર જુવાને ચાલી જતી પનિહારી પાસે ઘોડો થોભાવીને પૂછ્યું. 'અરે... પરતાપ... તું આલી પા.. ? હવે હેલ... ને ઢેલ... ને એ બધું મેલ. સીધું જ કહી દે ને કે પાણી પીવું છ." પનિહારીએ પોતાનું ઓઢણું સંકોરતા કહ્યું. "હવે લે... લે... ઝટ પાણી પા મેનાડી." મુસાફરે પનિહારીનો ચોટલો ખેંચતા રમુજ કરી. "એય...મારું નામ મેનાડી નથી હોં... સારિકા છે. સારિકા... સમજ્યો પરતાપીયા ?" મોં મચકોડી મુસાફરનાં સાફાનું છોગું ખેંચતાકને પનિહારીએ પણ દાટ વાળ્યો.

"અલી સાહિત્યની ભાષામાં મેનાનું જ બીજું નામ સારિકા થાય. સમજી કંઈ ?" પનિહારીનાં કપાળે ટપલી મારતાં જુવાને કહ્યું. "એ... ઈ... તારું સાહિત્ય તારી પાસે રાખ. મને સારીકા કહેવાનું બસ." છણકો કરીને પનિહારીએ સંભળાવ્યું. "એ... હા... બસ સારીકા..." ટાઢુંબોળ મધ મીઠું પાણી પીને મુસાફરની તૃષા તૃપ્તિ થઈ. "ઓહોહો... પાણી છે કે અમરત ? આવું અમીજળ રોજ પીવા મળે તો જીવન ધન્ય થઈ જાય હો મેના... નઈ નઈ.. સારીકા." આંખો મીચકારી યુવાને રમૂજમાં કહ્યું. ઓઢણાનો છેડો દાંત વચ્ચે દબાવતાં સારિકા એ સારિકા બની ઉત્તર વાળ્યો. તો હેલ લઈને સીધી આવું તારાં ખોરડે. હેલ ઉતારી લેજે. બસ પછી. કહેતાં સારિકાની પાપણનો પડદો ઢળી પડ્યો. ઢળેલી નજરે જ સારિકા કવિરાજ પ્રતાપસિંહની કવિતા ગણગણતી પોતાનાં રસ્તે ચાલતી થઈ. ઘોડેસવાર મંદ-મંદ હસતો પોતાને રસ્તે પડ્યો.

પ્રતાપસિંહે ઘરે પહોંચી ઓસરીની પછીતે ઘોડાને બાંધ્યો. ખડકી પાસે પડેલી કોઠીમાંથી ઘોડાને બે પવાલા બાજરાનું જોગાણ કર્યું. ઘોડાની પીઠ થપથપાવતાં કહ્યું. "પવન આજે તો ગામમાં પેસતાં જ સવાર સવારનાં સારા શુકન થયા છે હો.. ભેરુ... આજનો દાડો સારો જવાનો. આપણા બેયનો હો.. કે.." "આવી ગયો દીકરા ?" અંદરના ઓરડામાંથી અવાજ આવ્યો. "એ હા.. માં...આવ્યો. આ પવને જરા પાણી મેલ'તો આવું."

હાથ મોં ધોઈ પ્રતાપ માતા પાસે પહોંચતા માં ના ખોળામાં માથું મૂકી નાનાં બાળકની જેમ લપાઈ ગયો. હવે તો મોટો થા. "દાઢી મૂછનો ધણી થયો પણ નાનપણ જાતું નથ." માં એ મીઠો ઠપકો આપતાં પ્રતાપનાં વાંકિયા વાળામાં હાથ પસવારતા કહ્યું. "ઘોડીયેથી ઘોડે ઘોડે ચડે પણ માં સાટુ તો ગગો ગગો જ રહે." પ્રતાપે કવિતાની ભાષામાં માંને જવાબ આપ્યો. "એ હા હવે સમજી ભાઈ. તું પણ તારા પિતાની જેમ જ બધાં સવાલનાં જવાબ કવિતાઓથી જ દે છો હો ગગા..." "ઈ તો એમ જ હોય ને માં, બાપ એવા બેટા ને વડ એવા ટેટા." "... હવે ખમૈયા કરો કવિરાજ અને કહો કે મીનળબાઈ સાહેબે સોંપેલું કામ બરાબર કરીને આવ્યો કે કેમ ?" "અરે...માં... તારો દીકરો આ રાજનું કાજ બરોબર નો કરે એવું બને કદી ? બધું જ ઠીક ઠાક કરીને આવ્યો છું. અજીતગઢ તાબાનાં બધા જ પરગણાંનાં શાહુકારો પાસેથી તમામ મહેસુલ ઉઘરાવી સોળઆની પાક્કો હિસાબ-કિતાબ કરીને આવ્યો છું. માં જો આ રાણી સિક્કાની કોથળી." કહેતાં'કને પ્રતાપસિંહ કમરે બાંધેલી થેલી છોડી માંના હાથમાં મૂકી.

"હા.... બેટા... પ્રતાપ મને તારી ઉપર પૂરો ભરોસો છે. તું પણ તારા પિતાની જેમ જ એક સાચો અને પ્રામાણિક રાજ રક્ષક છે. આ રાજનાં આપણાં ઉપર ઘણાં ઉપકારો છે. આપણી કેટલીયે પેઢીઓનાં લોહીમાં આ રાજનું અન્નજળ વહે હો ગગા... આપણાંથી રાજ પ્રત્યે ભૂલથી સપનેય પણ એક

ISSN 0976-9609

પાયની પણ નમકહરામી ન થાય એ હૈયે રાખજે મારા લાલ..." "અરે હા માં... આ વાત તો તે મને ગળથૂથીમાં જ પાયેલી છે. તો થોડો વિસારું હું ?" "ઘણી ખમ્મા.. મારાં દીકરા તમને ઘણી ખમ્મા.... મને વિશ્વાસ છે કે તું અજીતગઢ પ્રત્યેની તારી વફાદારી બાબતે કોઈ દી મારું ધાવણ નહીં લજવે" માં એ દીકરાનાં ઓવારણાં લેતાં હૈયા સરસો ચાંપી લીધો.

પ્રતાપસંગ... પ્રતાપસંગ... છો કે ઘરમાં ? ડેલીની સાંકળ ખખડાવતાં કોઈનો અવાજ સંભળાયો. "અરે હા.. આવ્યો" કહેતાં પ્રતાપસિંહે ડેલી ઉઘાડી. "મહારાણી સાહેબ તમને અને બા સાહેબ બેયને બરકે છે મહેલ ઉપર અને આજ આખો દા'ડો ત્યાં જ રોકાવાનું કહેવડાવ્યું છે." બા સાહેબ માટે પાલખી મોકલી છે. સિપાહીઓએ સંદેશો આપતાં કહ્યું, "ભલે...ભલે.... મહારાણી સાહેબને કહેજો કે અબઘડી પહોંચીએ છીએ. જય મા ભવાની." "જય માં ભવાની" કહેતાં સૈનિકો ગયા. એની પાછળ પાછળ હિસાબનાં વહી ખાતાનાં ચોપડા અને રાણી સિક્કાની થેલી લઈને પ્રતાપસિંહ પવન પર અને બા સાહેબ પાલખીમાં રવાના થયાં.

જેમ જેમ મહેલ નજીક આવતો ગયો તેમ તેમ બા સાહેબના મનમાં તેમનો ભૂતકાળ આળસ મરડી સજીવન થઈ ઉઠ્યો. "અજીતગઢ રાજ્યના રાજા મહારાજ શક્તિસિંહ..." ખૂબ જ વીર સાહસી અને પરાક્રમી. તેમની કીર્તિ ભારતખંડમાં ઘણી દૂર દૂર સુધી પ્રસરી હતી. તેમનાં દરબારમાં એકથી એક ચડિયાતાં રત્નો હતાં. મહારાજ શક્તિસિંહ એક આદર્શ સુશાસન માટેનું દૃષ્ટાંત હતાં. આસપાસનાં રજવાડાઓ તેમનાં રાજ્યની યશકીર્તિથી બળીને ખાખ થઈ જતાં. તેમનાં રાણીસાહેબ મીનળદેવી પણ પોતાનાં ભરથારનાં સૂરમાં સૂર પુરાવતાં પ્રજા અને રાજ્યની પ્રગતિમાં રસ લેતાં. મહારાજ શક્તિસિંહનાં દરબારના રત્નોમાં એક અનમોલ રત્ન હતાં. સૂર્યદેવસિંહ. જાતનાં ચારણ, મહારાજ પોતે સાહિત્ય પ્રેમી માનવી. સૂર્યદેવીસિંહનાં દુહા અને કવિતાઓ ઉપર તો મહારાજ શક્તિસિંહ આફરીન થઈ જતાં. વળી સૂર્યદેવસિંહ શૂરવીરતા અને પરાક્રમોમાં પણ મહારાજનો જમણો હાથ !! બંને વચ્ચે રાજા અને દરબારીનો સંબંધ નહીં પણ ગાઢ મિત્રતાનો નાતો ! અજીતગઢ ઉપર ઈશ્વરનાં ચારેય હાથ. પણ કહેવાય છે ને કે કાળની ગતિ ન્યારી છે.

પડોશી રાજ્યના રાજા સંગ્રામસિંહ સ્વભાવે ખૂબ જ ઈર્ષાળુ. મહારાજ શક્તિસિંહ એકવાર યુદ્ધમાં તેમને મરણતોલ હાર આપેલી. ત્યારથી સંગ્રામસિંહનાં હ્રદયમાં ભારેલો અગ્નિ ભભૂકતો હતો. રાજકારણનું બીજું નામ જ ષડયંત્ર, છળ, કપટ અને દગાખોરી. મહારાજ શક્તિસિંહનાં વિશ્વાસ સેનાપતિને સંગ્રામસિંહે ધન સંપત્તિનાં જોરે પ્રપંચથી પોતાનાં પક્ષમાં કરી લીધો. એકવાર જ્યારે મહારાજ પોતાના ખંડમાં આરામ કરી રહ્યાં હતાં ત્યારે પોતાની વિશ્વાસનીયતાની આડશમાં ખંડમાં પ્રવેશી મહારાજ ઉપર તલવારથી હુમલો કર્યો. તે દિવસે જો સૂર્યદેવસિંહે તલવારનો ઘા પોતાનાં પર ન જીલી લેત તો અજીતગઢની પ્રજા અનાથ બની જાત. મહારાજ તો બચી ગયા. પરંતુ સૂર્યદેવસિંહ ન બચી શક્યાં. તેમણે રાજધર્મ નિભાવતાં પોતાનાં પ્રાણ અર્પણ કરી દીધાં. લાખો મરજો પણ લાખોનો પાલનહારો ન મરજો... મહારાજ આ કાવતરાની મને હમણાં જ ગંધ આવી એટલે... એટલે... હું અહીં મને વચન આપો. મારો દીકરો પ્રતાપ અને એની માતા... તમે અને રાણી સાહેબ હંભાળી લેશો... એટલું બોલતાં સૂર્યદેવસિંહના જીવનનો સૂર્ય સદાકાળ આથમી ગયો.

સંગ્રામસિંહ મહારાજ શકિતસિંહનો કાંટો કાઢવામાં અસફળ રહ્યો. તેનાથી તે વધુ ધૂંધવાયો, રઘવાયો થયો. તેણે મહારાજનું કાસળ કાઢી નાંખવા નવો પાસો ફેંક્યો. તેણે મહેલનાં રસોઈયાને કૂટનીતીથી પોતાની તરફ લઇ લીધો. અને મહારાજની રસોઈમાં ઝેર ભેળવી દીધું. કહેવાય છે ને કે સારાં માણસની અહીં જરૂર હોય છે, તેમ ત્યાં ભગવાનના ઘરે પણ હોય છે. કાતિલ ઝેરની અસરથી મહારાજ બચી ન શક્યા મહારાણી મીનળબાઈ માથે આભ તૂટી પડ્યું


ISSN 0976-9609

પરંતુ પરિસ્થિતિનો સ્વીકાર કરતાં તેમણે હિંમત કરી કુનેહપૂર્વક રાજ્યભાર સંભાળી લીધો. સંતાનમાં માત્ર એક પુત્રી કુમુદકુમારી. પ્રતાપનાં પિતાજીની દિલેરી, બલિદાનની ભાવનાની યાદ તાજી થતાં બા સાહેબની આંખોમાંથી ગર્વાશ્રુ વહી નીકળ્યાં. "પાલખી રોકો" દ્વારાપાળનો અવાજ સાંભળતા બા સાહેબ ઝબકીને વર્તમાનમાં ફર્યા. મહારાણી સાહેબ પોતે જ અહીં આવે છે. દ્વારપાલે જણાવ્યું આથી બા સાહેબ પાલખીમાંથી ઉતર્યા. રાજમાતા મીનળબાઈ સાહેબ તેમને આવકારવા તેમની સામે આવ્યાં. જય મા ભવાની બંને એકબીજાને ભેટી પડ્યાં. જાણે કે બંને સગ્ગી બહેનો ન હોય !!

થોડી જ વારમાં પ્રતાપ પણ પવન સાથે આવી પહોંચ્યો. જય મા ભવાની સાથે રાજમાતાનાં ચરણોમાં વંદન કરતાં વહીખાતાનાં હિસાબો સાથે નાણાંની થેલી મીનળદેવીને સોંપતાં દરેક પરગણાના શાહુકારો પાસેથી મળેલી મહુસુલની રકમની ગણતરી સમજાવવાની શરૂઆત કરી. રાજમાતાએ અધવચ્ચે જ પ્રતાપસિંહને રોકતા ગર્વ સાથે કહ્યું, અરે પ્રતાપ સરવૈયું તો તેમની પાસેથી માંગવાનું હોય જેમના પણ ભરોસો ન હોય અને અહીં તો ભરોસાનું બીજું નામ જ પ્રતાપસિંહ છે. ત્યાં તારે આવી ચોખવટું કરવાની ન હોય બેટા. હવે તો આ બધું તારે જ સંભાળવાનું છે ને વળી !! મિનળદેવીએ બા સાહેબ સામે જોતાં મલકતાં કહ્યું "હું કંઈ સમજ્યો નહીં રાજમાતા... રાજમાતા.. વાતનો કંઈક ફોડ તો પાડો."

"હા તો વાત એમ છે કે વર્ષો પહેલા મહારાજની હયાતી સમયની વાત છે તું અને કુમુદકુમારી જ્યારે બાળવયનાં હતાં. સાથે રમતાં, લડતાં, ઝઘડતાં. એ સમયે મહારાજે તમારા બાપુ પાસે કુમુદ અને અજીતગઢ માટે તમારી માંગણી કરેલી. તમારા બાપુએ તમારા વિશે કહેલું કે હજી તો પ્રતાપ નાનો છે આગળ ઉપર સમય વીતતાંએ હોશિયારી અને શૂરવીરતામાં કેવો નીવડે એ કેમ કહી શકાય ? એ અજીતગઢને બરાબર સંભાળી શકે કે કેમ ? ત્યારે મહારાજે એટલો જવાબ આપેલો કે "મોરનાં ઈંડા ચીતરવા ન પડે સૂર્યદેવસિંહ, મને ભરોસો છે. તમારા લોહી ઉપર." એ સાથે જ બંને મિત્રોએ એકબીજાને વચન આપેલું કે યોગ્ય સમયે કુમુદ અને પ્રતાપસિંહનાં લગ્ન લેવડાવવા. હવે અમારી પણ ઉંમર થઈ. આ રાજકાજ તમે સંભાળી લો તો અમે બંને સખીઓ પણ જવાબદારીમાંથી મુક્ત થઈ નિરાંતે પ્રભુ ભજન કરીએ. તમે આ... શું કહો છો રાજમાતા ? પ્રતાપનાં હૃદયમાંથી એક ચિત્કાર નીકળી ગયો.

હા પ્રતાપ બેટા આ વાત સાચી છે. તારાં બાપુએ મહારાજ શક્તિસિંહને જીભાન દીધેલી.

આપણી ચારણની જીભાન એટલે

"વા ફરે, વાદળ ફરે, ફરે નદીના પૂર;<br>પણ શૂરા બોલ્યાં ના ફરે, ભલે પશ્ચિમ ઉગે સૂર."

"પ્રાણ જાય પણ વચન ન જાય," પ્રતાપસિંહને માથા પર આખા બ્રહ્માંડનો ભાર વર્તાવા લાગ્યો. હૃદય જાણે અબઘડી ધબકતાનું ભૂલી જશે. "જાઓ ઉપર ઝરુખે કોઈ તમારી જોઈ રહ્યું છે." માતા મીનળદેવીએ આજ્ઞા કરી. "જી રાણીસાહેબ," "હવે રાણીસાહેબ નહીં બા સાહેબ બોલવાની આદત પાડો પ્રતાપસિંહ !!" કહેતાં બંને માતાશ્રીઓનાં ચહેરા ઉપર આનંદની હેલી વરસી. પરંતુ સામા પક્ષે પ્રતાપસિંહ માટે તો હૃદય ઉપર કડકડતી વીજળી પડી ગઈ !!!

પ્રતાપસિંહે મહામહેનતે હૈયુ હાથ કરી ઝરૂખા બાજુ પગ ઉપાડ્યા. અરે પ્રતાપ, તું તો મને ભૂલી જ ગયો કે શું બાર વર્ષ હું મોસાળ રહીને આવી તે... હું તો તને એક ક્ષણ પણ નથી ભૂલી, યાદ છે તને આપણે નાનાં હતાં ત્યારે કેવાં ઘર-ઘર રમતાં. હવે સાચુકલું ઘર-ઘર રમવાનું છે.... બા સાહેબે વાત કરીને તને ? એટલું કહેતાં તો કુમુદનો ચહેરો ગુલાબનાં ગોટાની જેમ ખીલી રહ્યો. પ્રતાપનો હાથ પોતાનાં હાથમાં લેતાં ભવિષ્યના રંગીન સપનાઓની વાતોમાં કુમુદ વિહરવા લાગી. હવે તો તું અને હું કહેતાં પ્રતાપે પોતાનો હાથ ખેંચી લીધો. મન ડામાડોળ

થઇ રહ્યું હતું. કંઈ જ ગમ પડતી ન હતી. મારે એક અગત્યનું કામ છે પછી આવું. કહેતાં પ્રતાપ ત્યાંથી નાસી છૂટ્યો.

પ્રતાપે પવનને મારી મુક્યો. ક્યાં જવું ? કઈ દિશામાં જવું ? શું કરવું ? કંઈ ગતાગમ પડતી ન હતી. આમને આમ ગામનાં પાદરની નદી આવતાં પવન થોભ્યો. પવન નદી કાંઠે જઈ પાણી પીવા લાગ્યો. પ્રતાપ પણ તંદ્રામાંથી થોડો બહાર આવ્યો. નદીના શીતળ જળથી મોં ધોઈ ત્યાં જ કાંઠે છીપરા પર ફસડાઈ પડ્યો.

શ્વાસ આપ્યા તો ભલે આપ્યા,
ભલે રાખ્યાં ખાન ને પાન;
પણ શી રે જરૂર હતી પ્રીતની,
કાચે તાંતણે બાંધ્યા જાન !
સર્જ્યા તે ભલા માનવી,
તારી કલાની કલગી સમાન;
શિદ મેલ્યું લ્યા ઝરમર કાળજું ?
ભૂલ કરી ભલા ભગવાન !

નદીનાં વહેતાં જળની સમાંતર પ્રતાપનાં હૈયામાંથી પણ એક સરવાણી આપોઆપ ફૂટી નીકળી !! મનનાં રંગમંચ ઉપર કંઈ કેટલાક દશ્યો ઉપસી આવ્યાં... સારિકા... સારિકા... ચાલ. છોડ મારો ચોટલો.. હેરાન કરીશ ને તો કાલથી તારી સાથે નહીં રમું પરતાપિયા અને બા સાહેબ પાસે ઠપકો ખવડાવીશ એ નોખો. ખોટો બીવડાવમાં મને કે કાલથી નહીં રમું... ખબર છે મને તારી એ કાલની... કાગડાભાઈની કાલ કોઈ દાડો આવે જ નહિ. ચિબાવલી.. વળી તે... ચાડી કરવી છે મારી બા પાસે એમ ? ઊભી રહે... કહેતાં સારીકાએ ભીની રેતીનું બનાવેલું ઘર તોડી પાડતો. આ જ નદી, આ જ કાંઠો ને આ જ એ રેતી!!! પાછો લાગણીવશ થઈ નવું ઘર હું જ બનાવી દેતો. બાળપણાનાં એ મીઠાં સંભારણા આજે હ્રદયમાં ઘાણીફૂટ જખમો આપે છે. એ એની નિર્દોષ ભોળી આંખો, બાલીશ વાતો ને એમાં હું કેવો ઓગળી જાતો. સંબંધનું કોઈ જ નામ નહીં., એકરારનું કોઇ જ બંધન નહીં. છતાં એ શું હતું ? શું હતું એ ? કંઈક તો હતું જે આજે પ્રતાપનો આત્મા અનુભવી રહ્યો....

"પ્રાણ જાય પણ..." શુરા બોલ્યા નાં ફરે... બા સાહેબનાં આ વેણ પ્રતાપના કાનમાં પડઘાતાં હતાં...છાતી ચીરી નાંખતા હતાં. એક બાજુ રાજધર્મ-વચન-ફરજની જંજીરો તો બીજી બાજુ રુજુ-કોમળ-હાડકાં વિનાનું હૈયું. બેમાંથી કોની જીત થાય ?

"અરે... પરતાપ." કોઈ હાથ પ્રતાપને ખભે અડક્યો-નહીં હ્રદયને અડક્યો. કેમ અહીં આમ બેઠો છે ? ચાર ચંદ્રમા મળ્યા. ધોળા દિવસે, ધરતી પર તારા મૈત્રક રચાયું. માત્ર આંખો બોલી. જિહ્વા જડાઈ ગઈ હતી આજે પ્રતાપની કાંઠે હેલ મૂકીને સારિકા પ્રતાપની બાજુમાં છીપરાં પર બેઠી.

"ત્ર્યંબકવર્ણા નેણ, વદન ઉદાસી શેણ ?
શું આજ નય કે મને હ્રદયનાં વેણ ?"

રાજકાજ અને સમરાંગણમાં વીરતા બતાવતો મહાન યુદ્ધો પણ જે બાબતમાં શરણાગતિ સ્વીકારી લેતો હોય એ વાત હતી આ તો ! મેના... સારિકા... આપણે થોડાં મોડાં પડ્યાં. આપણે અજાણતા જ એકબીજાનાં હ્રદયની ધરતી પર બનાવેલાં રેતીનાં ઘર પવનની એક આછી લહેરખી એ જમીનદોસ્ત કરી દીધાં.

"કે તો ખરાં કે શું થયું છે ?"

પ્રતાપે રાજમાતા મીનળદેવીએ કહેલી બધી જ વાતો સારિકાને જણાવી. સારિકાને ગળે ડૂમો ભરાઈ આવ્યો. નાનકડા બે તારોડીયામાંથી આખી આકાશગંગા વહી નીકળી. આંખો ચૂઈ પડી. સહજ ભાવથી, હ્રદયનાં દ્વારથી, કંપતા અધરોથી એક કવિતા સરી પડી,

"જીવનનું ગાણું અધૂરું મેલમાં,
હોઠે આયેલું પાછું ઠેલમાં,
હૈયા સંગાથે ખેલ ખેલમાં,
ઓરા બોલાવી ધકેલમાં રે વાલમ,
ગાણું અધૂરું મેલમાં..."


ISSN 0976-9609

"અરે... મેનાડી.. તને પણ કવિતા આવડે ?" નવાઈ પામતાં પ્રતાપે સવાલ કર્યો. "લે તય... આ રુદિયું ખાલી તને જોઈને ન તું મોહ્યું. મોહી ગઈતી આ તારી કવિતાઓથી. તારા શબ્દોનાં બાણથી જ તો વિંધાયું આ કાળજું. પણ હવે...." બોલતાં કંકાવટીની સાથે હરિફાઈમાં બીજી એક નદી વહેતી થઈ. હાલ હવે મારે મોડું થાય છે. હેલ ઉતારવાની વાત તો આઘી રહી, આ માથે ચડાવી તો દે.. હેલ માથે ચડાવતી "તું ચંત્યા કરતો નહીં પરતાપ, કંઈક મારગ નીકળી રેહે. બાકી આગળ ઉપર તો ધાર્યું ધણીનું થાય!" કહેતી પ્રતાપના સાફાનું છોગું ખેંચતી, મોં પર પરાણે સ્મિત રેલાવતી રસ્તા પર પાણસનાં રેલાની જેમ વહી ચાલી. તે દષ્ટિની મર્યાદામાં રહી ત્યાં સુધી પ્રતાપ તેને નિહાળતો રહ્યો. તેનાં પગનાં ઝાંજરનો ઝણકાર થોડીવારમાં સ્મશાવત શાંતિમાં ઓગળી ગયો.

સૂર્યનારાયણે પૃથ્વી પરથી વિદાય લીધી અને જતાં જતાં પોતાની પુત્રી ધરતીને તારોડીયાથી મઢેલી કાળી કામળી ઓઢાડતા ગયાં. આખી એ સૃષ્ટિ ધરતીમાતાનાં ખોળામાં શાંત ચિત્તે ચીરનિંદ્રામાં પોઢી ગઈ હતી. પરંતુ બે ગભરુ પારેવડાં હતાં જેની આંખોને આજે નિંદ્રાદેવી સાથે વેર બંધાયું હતું. પ્રીત્યું બંધાય છે કાચે તાંતણે પણ તે તંતુ એટો તો મજબૂત હોય છે. કે ભલભલાં પાષાણ હ્રદયીને પણ એકમેકની પાસે ખેંચી લાવે. તો આ તો બંને લાગણી ભીનાં કવિ હ્રદય હતાં !!

પ્રતાપ અને સારિકાનાં હ્રદય ઈશ્વરે એક જ માટીના પિંડમાંથી નીરમ્યા હતાં. એકબીજાથી અણજાણ બંને પંખીડા કંકાવટીનાં કાંઠે ભેગાં થઈ ગયાં. બચપણથી જ કંકાવટી નદી બંનેનાં સુખ દુઃખનાં સમયનું કેન્દ્રસ્થાન રહી હતી. તેના તટ ઉપરની રેતીમાં જાણે માતાનું મમતાળુ હ્રદય ધબકતું અનુભવાય છે. બંને એક સાથે અનાયાસે જ ત્યાં મળ્યાં છતાં એકબીજાને કોઈ પ્રશ્ન નહીં. કારણ કે બંનેના પ્રશ્ન અને ઉત્તરો આખે સરખાં જ હતા અને પરસ્પરથી છુપા ન હતાં.

કેમ અલ્યા... પરતાપિયા... આ અડધી રાતે ચોરનાં માથાની જેમ શાનો આંટા મારે છે ?સારિકાએ શરૂઆત કરી. "એમ તો તારે પણ શી જરૂર પડી કંકાવટીના કાંઠે આંટો મારવાની ?" ભળભાંખડું અજવાળું થતું આવતું હતું. સારિકાએ જ આગળ ચલાવ્યું. "થયું કે તારા હ્રદયનો બોજો થોડો કરતી આવું. બેસ આ છીપરા પર જે બાળપણથી આપણો ભેરુ છે. હં... તો હું એમ કે'તી તી પ્રતાપ... કે તું તારે પરણી જા. કુમુદકુમારી સાથે. એમાં જ સૌનું ભલું છે. તારાં બાપનું વચન, બા સાહેબની ઈચ્છા, મીનળદેવી અને કુમુદકુમારીની ખુશી અને સૌથી મોટી વાત રાજધર્મ... તમારા વડવાઓ પણ સરગાપુરીથી તને આશીર્વાદ દેશે. હો... કે..." "પણ આપણી પ્રીતનું શું ?" પ્રતાપથી ન રહેવાયું. આપણી પ્રીતને... એ તો અમરત્વ પામશે પ્રતાપ. મોટાભાગની નદીઓ અંતે સાગરમાં સમાઈ જાય છે પણ અમુક નદીઓના નસીબમાં આ મિલન નથી હોતું !!! આ આપણી કંકાવટીને જ જોઈ લે ને તે ક્યાં કોઈ દરિયાને મળે છે. તે તો ખારાપાટ-રણમાં જ સમાઈ જાય છે. ધરતીના ગર્ભમાં ઊંડે ઉતરી જઈને પાતાળમાં કોઈ સરવાણી થઈ પછી એ સાગરને મળતી હે કદાચ !! એમ હું પણ તારી રાહ જોઈશ. આવતાં જન્મારે!! ઓળખી તો જઈશ ને મને ? તું તારી ફરજ અને રાજધર્મ નિભાવ."

સુરજદેવ ધરતી પર આગમન માટે પોતાનો રથ જોડી રહ્યાં હતાં. ગામનાં મંદિરમાં મંગળા આરતીનો ઘંટારવ સંભળાતો હતો. પ્રતાપે સારિકાના હાથ પોતાના હાથમાં લઈ પૂછ્યું "અને તું ?" મંદિરની આરતી બાદ કોઈ મધુરો સ્ત્રીકંઠ સંભળાયો.

"તારા રે નામનો છેડ્યો એક તારો....
હું તારી મીરાંને તું ગિરધર મારો..."

---

શ્રી શિવનગર શેરી નં. ૪, શિવમંદિરની પાછળ, દોશી હૉસ્પિટલની બાજુમાં, રાજકોટ (મો) ૯૪૨૮૦૧૧૦૬૮

(અહીં પ્રસિદ્ધ નવલિકા "અમર પ્રીત" નલિની અરવિંદ અને ટી. વી. પટેલ આર્ટ્સ કોલેજ તથા વિ-વિદ્યાનગર મેગેઝીનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ નવલિકા સ્પર્ધામાં પ્રોત્સાહક ઈનામ પ્રાપ્ત કરેલ છે.)

|| માનવતાની મ્હેંક ||

## રેવતી રમકડાંવાળી

**શીલા વ્યાસ**

'મેરે પ્યારે દેશવાસીઓ...' થી આરંભાતું આપણા વડાપ્રધાન મોદીજીનું સંબોધન 'મન કી બાત' એક નવું અભિયાન સૂચવી જાય છે. 'જનતા કર્ફ્યું' અને 'લોક ડાઉન' શબ્દો કોરોના મહામારીમાં પ્રસિદ્ધ થયા તેમ 'આત્મનિર્ભર ભારત' સૂત્ર પણ સુપ્રસિદ્ધ થઈ ચૂક્યું છે. ખાસ કરીને મંદીના માહોલમાં સ્ત્રી અને યુવા વર્ગને રોજગારી મળે તો મોંઘવારીના ભરડામાંથી મુક્ત થઈ શકાય. એવા ઉદ્દેશથી રાજ્ય સરકારે વિવિધ ક્ષેત્રના કર્મચારીઓને પોતાની નોકરીના સ્થળે જ, નિશ્ચિત વિસ્તારમાં નિરીક્ષણ-સર્વેક્ષણની કામગીરી સોંપી. જેમાં પરિવારની સામાજિક, આર્થિક, શૈક્ષણિક સ્થિતિ મુજબ રોજગારી, વ્યવસાય કે ગૃહઉદ્યોગ માટે કેવી જરૂરિયાત છે અને કેવી સહાય આપી શકાય તેની પ્રાથમિક માહિતી મેળવીને યાદી તૈયાર કરવાની.

આ પરિપત્રના અનુસંધાને અમારી હાઈસ્કૂલમાં મિટિંગ થઈ. મને શહેરની ચાલી-ખડકી વિસ્તારમાં કામગીરી સોંપાઈ. 'ઓનલાઈન' તાસ લઈને, મુખે માસ્ક ચડાવી હું ચાલી તરફ ચાલી નીકળ્યો... ખૂબ જ સાંકડી જગ્યામાં ઓરડી, ઝૂંપડાં, સાઈકલ, કચરાના ઢગલા, ખૂણે-ખાંચરે ખાટલાં કે પાણી ભરેલાં પીપ હતા. જેથી પ્રાથમિક સુવિધા વંચિત અને ગરીબ વસતીના ગીચતાનો અનુભવ થાય. આનાથી પણ બદતર હાલત એના જીવન ધોરણની હોઈ શકે. કદાચ આર્થિક સંકળામણને લીધે વિચાર સંકુચિતતા આવી જતી હશે કે શું ? એવા વિચારે હું થોભ્યો.

પરંતુ, આજે મારે શિક્ષણકાર્ય ઉપરાંત મન કી બાતને અનુસરવાનું હોવાથી આગળ ધપતા એક ઓટલી પર લમણે હાથ દઈને બેઠેલી ચાલીસેક વર્ષની સ્ત્રી જોઈ. એટલે બે ઘડી મુંજાયો કે વાતચીત કેમ ક્યાંથી શરૂ કરવી. ત્યાં તો એનું ધ્યાન જતાં સામેથી પૂછ્યું, 'કોનું કામ છે ભાઈ !' ઉત્તરમાં મેં સંવાદ સાધ્યો – "અહીં રહેનારના ઘરમાં કોણ કોણ છે, શું કામ કરે છે, કેવી મદદની જરૂર છે એ વિશે કેટલીક માહિતી મળે તો સરકારી સહાય આપી શકાય તેની યાદી બનાવવા આવ્યો છું." એ ચીંથરે હાલ સાડીનો છેડો માથે ઓઢી, કોઈ અતિથિને આવકારતી હોય એમ બોલી, ... "હા... આવોને ... સાહેબ." હું પલ્લી વેલ્લી માહિતી આપું લખો. મારુ નામ રેવતી, ત્યક્તા, મા વગરની એકલી... ઓરડીમાં... કાંઇ કામકાજ મળે તો.... ને મેં વિગતે નોંધણી કરી, પછી એની કામના આવડત વિશે પૃચ્છા કરી, ચર્ચા કરીને સમજાવ્યું કેપ, આંગણવાડીમાં આવતાં ભૂલકાંઓ માટે જાત-ભાતના રમકડાં બનાવી આપો તો રોજગારી મળી તેની પૂરતી ખાતરી આપું છું. એ તો ખુશ થઈ, ઓટલી પરથી ઊભી થઈને મને પ્રણામ કરવા લાગી... સાયેબ તમે તો મારા દેવ જેવાં... ભલું થાજો તમારા કુટુંબનું.. મનુ કામ આપીને ઊગારી લીધી... એના આવા આભાર વચનોએ મારા માનસિક ભારને હળવો કર્યો. આર્થિક સહાયની યોજના મુજબ અરજી તૈયાર કરી, એની સહી લીધી. જતાં જતાં એના હાથમાં પચાસની નોટ ધરી ત્યારે સજળ નેત્રે એના હોઠ પર આછેરું સ્મિત ફરક્યું... એ મારી કાર્યનિષ્ઠાને વધુ ચમકાવી ગયું...

એક સપ્તાહ પછી પુનઃ ચાલીમાં ગયો ત્યારે અગિયાર જેટલા નામ-કામની યાદીમાં રેવતી પ્રથમ સ્થાને હતી. મારા આગમને એનામાં નવી ઉર્જાનો સંચાર થયો. હવે પહેલાં કરતાં થોડી વ્યવસ્થિત જણાઈ. એણે મોં પર ઝટપટ દુપટ્ટો બાંધ્યો. ઓટલી પર ગોદડી પાથરી, મને આસન આપ્યું. પછી પતરાની જૂની પેટીમાંથી એક ઢીંગલી કાઢી લાવી. જાણે હોમવર્ક કરી લીધું ન હોય !!! "જુઓ સાહેબ, આ પાંખળી ગમશે ને ?" પૂછતાં એણે મારા હાથમાં મૂકી. હું તો જોતાં જ દંગ રહી ગયો ! પૂછ્યું કે, "આ ઢીંગલી તે બનાવી ?" 'હાસ્તો... ન..' એવો લ્હેકો કરી, હકાર ભણી એ જરા હસી. જેમ શિષ્યનું સુંદર લખાણ જોઈને ગુરુ 'શબ્બાશ' ઉચ્ચારે એમ મારાથી

સહેજ ઉદ્ધાર થઈ ગયો. ઊડતી ઢીંગલી.. પરી... લાલ-શ્વેત લિબાસમાં... અરે સૌ કોઈને જોતાં જ ગમી જા.. મેં તરત જ એની કલાની કદર કરતા રૂ. સોની નોટ ધરી. જોકે, થોડી આનાકાની પછી એણે લીધી ખરી. અને અવનવાં રમકડાં બનાવવા અંગે જરૂર મસલત કરી. વિવિધ સાધન-સામગ્રી, નાની-મોટી સોય, દોરો, કાપડ, કપાસ, ઊન, બટન, લેસપટ્ટા, ભરત-ગૂંથણની ચીજો વગેરેની યાદી બનાવી. આર્થિક સહાય મંજૂર થયે નાણાં મળી જશે એવી હૈયાધારણા આપી, પંખાળી પરીની તેજ ગતિથી બાકીનું કાર્ય આટોપવા હું વિદાય થયો.

જાણે 'આત્મનિર્ભર ભારત'નું સૂત્ર સાકાર થતાં હું નજરે જોઈ શકતો હતો. ત્રણેક દિવસ પછી, સંસ્થામાંથી મારું નિયતિ કાર્ય પૂર્ણ કરી હું નીકળતો હતો ત્યાં જ મારા આચાર્યએ બોલાવ્યો. પગથિયાં ચઢી એમની ઓફિસમાં ગયો. એમણે ચૂપચાપ મારા હાથમાં એક કવર મૂક્યું. આ શું ? એવી મેં પ્રશ્ન નજર ફેંકી તો એમણે સરકારી સહાય મંજૂર થયાનો પત્ર બતાવી મારા નામ સામે સહી કરવા કહીને ઉમેર્યું, "અભિનંદન ! તમને અને સૌથી પહેલી આર્થિક સહાય મેળવનાર રેવતીને.. લો આ કવરમાં રૂપિયા પંદર હજારનો ચેક છે, ઘટતું યોગ્ય કરશો." મેં ઊભા થઈ 'થેંન્કયું સર' કહીને બે હાથ જોડ્યા, એમણે ખુશી વ્યક્ત કરતાં મારો ખભો થાબડ્યો. પછી હું ઘેર જવાને બદલે બમણા ઉત્સાહથી ચાલી તરફ ઊડ્યો.

ઉતાવળે પગલે, રેવતીની ઓરડી તરફ મને આવતો જોઈને કેટલાક ગણગણ્યાં. પણ તેણે નગણ્ય કરી હું આગળ વધ્યો, તો રસ્તામાં કેમ શું થયું...? એવા દુઃખદ ઉદ્‌ગારે રેવતીની ચિંતા પ્રગટી. મેં ઘડીક નિરાંતનો દમ લીધો. ઓટલી પાસે આવી ધીરે રહીને કવર બતાવતા, માથું નમાવી હકાર દર્શાવ્યો. ત્યાં તો રાજીના રેડ રેવતી સમજી ગઈ ને આંખો બંધ કરી, મનોમન પ્રભુનો પાડ માનવા લાગી. બધી વાતનો વિગતે ફોડ પાડી, એની બેંકની પાસબુક લીધી. રકમ જમા થયે, વસ્તુ-સામગ્રી લઈને, એ વધારે રમકડાં બનાવી રોજગારી મેળવી શકશે એવો આનંદ વ્યક્ત કરી હું બેંક ભણી રવાના થયો.. પછી તો આખી ચાલીમાં 'રેવતી રમકડાંવાળી' નામ ખૂબ ઝડપથી પ્રસિદ્ધ થયેલું જાણીને મારું કર્મ સિદ્ધ થયાનો સંતોષ અનુભવ્યો.

શીલ્પ-૫૪, શાંતિનગર સોસાયટી,
ગાયત્રી ક્લબ રોડ, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર

## ।। વિદ્યાવૃત્ત ।।

### આઈસ્ટાર કૉલેજમાં ઈકો ક્લબ અને એનએસએસ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

સૃષ્ટિની જાળવણી અને જતન માટે વિશ્વભરમાં દર વર્ષે પાંચ જૂને વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવાય છે. જેના ભાગરૂપે તાજેતરમાં ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા આઈસ્ટાર કૉલેજ ખાતે ઈકો ક્લબ અને એનએસએસના સંયુક્ત ઉપક્રમે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે દરમ્યાન આઈસ્ટાર કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. મહેન્દ્રસિંહ રાજ તેમજ સંસ્થાના સૌ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ વિવિધ પ્રકારના વૃક્ષો જેવા કે લીમડો, પીપળો, ગુલમહોર, બોરસલ્લી, કણજી, કાંચનાર, ફણસ, આસોપાલવ, સિરસ, સેવન અને બીલી જેવા પર્યાવરણલક્ષી વૃક્ષો વાવ્યા હતા. ઉપરોક્ત અભિયાનના ભાગરૂપે આઈસ્ટાર સંસ્થા દ્વારા આ અભિગમને આગળ ધપાવવા લોકોને વધુમાં વધુ વૃક્ષો વાવવા માટે હાકલ કરી હતી. તદુપરાંત, વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે આઈસ્ટાર કૉલેજ દ્વારા સંસ્થાના સૌ કર્મચારીઓને ઈકોફ્રેન્ડલી બેગનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી બદલ સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. મહેન્દ્રસિંહ રાજ અને કૉલેજ સંયોજક ડૉ. જીગર પટેલ દ્વારા ઈકો કલબ અને એનએસએસની ટીમના સભ્યો તથા સૌ કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

|| સંસ્કૃતિ ||

## કેદ એની એ છે ! દીવાલ બદલાઈ છે !

**ચંદ્રકાન્ત પટેલ 'સરલ'**

ભારત દેશની એક વિચિત્રતા એવી છે એ જેમણે ભારતને વધુ નુકસાન કર્યું હોય તેને ભારતવાસી આશીર્વાદ ગણે છે. તેનું ઉદાહરણ આજનું અંગ્રેજી ભાષાનું શિક્ષણ છે. ભારતીય પરંપરાગત સંસ્કૃત શિક્ષણને ભૂલી-ભૂંસી નાખીને અંગ્રેજોએ ભારતમાં અંગ્રેજી શિક્ષણ ઘુસાડીને સંસ્કૃત શિક્ષણની કતલ કરી નાખી છે.

અંગ્રેજોના આગમન પહેલાં ભારતમાં સંસ્કૃત-શિક્ષણનું અને ફારસીનું જોર હતું. માતૃભાષામાં સાધારણ લખતાં-વાંચતાં શીખવા માટે નાનાં બાળકો પ્રથમ સંસ્કૃત ભાષી રૂપાવલીને અમરકોશ ગોખતાં હતાં.

તત્કાલીન સંસ્કૃત શિક્ષણે ભારતીય સંસ્કૃતિને ગૌરવશાળી, ગૌરવપ્રદ બનાવવામાં ખૂબ મહત્ત્વને નોંધનીય ફાળો આપી મોટો ભાગ ભજવ્યો હતો. આપણી પરંપરિત આદિ ભારતીય સંસ્કૃતિની ધજા આકાશને આંબતી હતી. વાણી, વિચાર, આદર્શ, સંસ્કાર અને મર્યાદા આદિ આવરણ ઓઢી સંસ્કૃતિ વિભૂષિત હતી.

વેપાર અર્થે ભારતમાં આવેલા અંગ્રેજોએ જોયું કે ભારતમાં ટકી રહેવું હોય તો પ્રથમ સંસ્કૃત શિક્ષણને દૂર કરવું પડશે. જ્યાં સુધી લોકોમાં સંસ્કૃતિનું જ્ઞાન હશે ત્યાં સુધી આપણું અસ્તિત્વ કાયમ જોખમભર્યું રહેવાનું છે.

ભારતને નૈતિક ગુલામીની બેડીમાં બાંધી રાખવા માટે અંગ્રેજોએ બાળકો માટે ઠેર ઠેર અંગ્રેજી શિક્ષણ આપતાં શાળા, કૉલેજો ખોલ્યાં. જેમાં ભારતીય, ભાષા, ભારતીય સાહિત્યને બદલે અંગ્રેજી ભાષા, અંગ્રેજી સાહિત્ય, ભણાવાનું શરૂ કરાવ્યું. પરિણામ એ આવ્યું કે અંગ્રેજી ભાષાના વંટોળમાં સંસ્કૃત ભાષા તણાઈ ગઈ. અને વિદ્યાર્થીઓ ઉપર પાશ્ચાત્ય સભ્યતાનું આવરણ ચઢવા લાગ્યું. કૌટુમ્બિક ભાવના તૂટવા લાગી, ભાઈભાઈની વચ્ચે મનમેળ હતા એ શંકામાં ફેરવાવા લાગ્યા. માનવ-માનવ વચ્ચે પહેલાં જે સંવાદિતા, સુમેળ અને ભાઈચારાની ભાવના હતી. તેનું, બાષ્પીભવન થવા લાગ્યું. અંગ્રેજી કેળવણીએ સંસ્કૃતિનાં ચીરહરણ કરવાનું શરૂ કર્યું.

અંગ્રેજો ગયા, પણ દેશમાંથી અંગ્રેજનીતિ ગઈ નથી. અંગ્રેજો ગોરા હતા તો આજે વર્તમાન શાસકો કાળા બનીને પણ અંગ્રેજી શિક્ષણનો વ્યાપ વધારવા બિલાડીના ટોપની જેમ અંગ્રેજી શિક્ષણ અર્પતી શાળાઓને આંખો મીંચીને મંજૂરી આપી રહ્યા છે. ભારતમાં થોડી-ઘણી જે સંસ્કૃતિ બચી છે તેને પણ ખતમ કરવાને માટે શાસકો ખડા થઈ ગયા છે.

એટલે કહી શકાય છે કે ભારતીયોની કેદ તો એમની એમ જ રહી છે. માત્ર દીવાલ બદલાઈ છે. મેકોલેની નીતિ એવી હતી કે, આપણે ભારતવર્ષમાં એક એવી જાતિ પેદા કરવી જોઈએ કે જે વર્ણ અને લોહીમાં ભારતીય હોય, પરંતુ રુચિ, વિચાર અને બુદ્ધિમાં અંગ્રેજ હોય અને એ કામ આપણું અંગ્રેજ શિક્ષણ સારી પેઠે કરી આપશે.

અંગ્રેજોની આ નીતિ, વર્તમાન સમયમાં દેશની કમાન સંભાળતા શાસકોએ યથાવત જાળવી રાખી છે, ને અંગ્રેજ બાબુઓને પરોક્ષ રીતે સંદેશ આપી દીધો છે કે, "તમે નચિંત રહેજો. તમારી કૂટનીતિ અમે આગળ વધારી રહ્યા છીએ. અમે પણ અંગ્રેજી શાળાઓના ભારતમાં ખડકલા કરી દીધા છે..."

હવે તમે જ કહો, શું આપણે અંગ્રેજોને તગડ્યા છે ? આઝાદ થયા છીએ ? સ્વરાજને નામે આપણે હજી ગુલામ છીએ. માત્ર કેદની દીવાલ બદલાઈ છે. કેદખાનું તો એનું એ જ છે.

ભારતમાં આજે પણ અંગ્રેજી દેડકાંએ એવી



ISSN 0976-9609

કૂદાકૂદ કરી છે કે તે તમામ સ્થળે પેસી ગયો છે. સરકારી કચેરીઓમાં અંગ્રેજી ભાષામાં જ પત્ર-વ્યવહાર થાય છે. કોર્ટકચેરીઓના ચુકાદાઓ પણ અંગ્રેજી ભાષામાં જ લખાય છે. મોટી કંપનીઓના વ્યવહારો પણ અંગ્રજી ભાષામાં થઈ રહ્યા છે. નાનાં બાળકો ઘરમાં માતાને મમ્મી અને પિતાને ડેડ બોલતાં થઈ ગયા છે. અંગ્રેજી ભાષાએ એવી જાળ પાથરી દીધી છે કે, બાળકો માતૃભાષાને જ ભૂલી ગયા છે.

વિદેશીઓને મળવા આપણા નેતાઓ મહિને બે મહિને વિદેશમાં જઈ રહ્યા છે ને તેઓને પણ ભારતમાં બોલાવી અંગ્રેજોને ગમે તેવી જ મહેમાનગીરી અને નવાજીશ કરવામાં આવે છે.

આપણે રાજકીય મુક્તિ મેળવી છે. પરંતુ, હજી સુધી માનસિક મુક્ત મેળવી નથી. કે સામાજિક મુક્તિનાં ફળ ચાખ્યાં નથી. અંગ્રેજોએ મૂકેલી અંગ્રેજી એંઠનો સ્વાદ આપણે ભૂલ્યા નથી. અંગ્રેજી ભાષાનું ધોરણ ઊંચું લાવવા માટે હજી પણ કેટલાક, અંગ્રેજોના એંઠા પતરાવળાં ચાટી ગયેલા ખોખલા સુધારાવાદીઓ અંગ્રજી શિક્ષણની હિમાયત કરી માનવતાને કચડી રહ્યા છે. ભારતમાં હજી આવા લોકો જીવે છે. ત્યાં સુધી અંગ્રેજી કેળવણીનો અસ્ત નહિ જ થાય !!

ભારતીય સંસ્કૃતિના હિમાયતી એવા શ્રી વેલજીભાઈ દેસાઈ કહે છે કે, યુરોપના એક પણ દેશમાં અંગ્રેજી માધ્યમની કોઈ શાળા નથી. યુરોપના ૯૫ ટકા માણસોને અંગ્રેજી બિલકુલ આવડતું નથી અને અંગ્રેજી જેની માતૃભાષા છે તે ઈંગ્લેન્ડમાં પણ સર્વ સ્વીકૃત માન્યતા છે કે બાળકોને માતૃભાષામાં જ ભણાવવા જોઈએ.

અંગ્રેજી માધ્યમમાં ગૌરવ માનતી લાખો માતાઓ લખી રાખે કે તેમના બાળકોની માનસિક કતલ થઈ રહી છે. અને ૨૦-૨૫ વરસમાં જ આ માતાઓ જોઈ શકશે કે તેમણે સેવેલા સપના ચકનાચૂર થઈ ગયા છે ! અંગ્રેજી ભણેલું તેમનું બાળક ક્યાંય કામનું નહિ રહે. જીવન વ્યવહારમાં કે કોઈપણ બાબતમાં તેને આવડત નહિ રહે. આવા ઘણા માબાપો આજે પસ્તાઈને રડી રહ્યા છે.

ગાંધીજી કહે છે કે પરભાષા (અંગ્રેજી) મારફતે શિક્ષણ લેવામાં જે બોજો મગજ ઉપર પડે છે તે અસહ્ય છે. એ બોજો આપણાં બાળકો ઊંચકી તો શકે છે, પણ તેનો બદલો તો તેઓએ વેઠ્યે જ છૂટકો છે ! તેઓ બીજો બોજો ઉપાડવાને અસમર્થ થાય છે. આથી આપણા ગ્રેજ્યુએટ યુવાનો ઘણે ભાગે નિઃસત્વ, નબળા, નિરૂત્સાહી, રોગીને કેવળ નકલી બને છે શોધશક્તિ, વિચારશક્તિ, સાહસ, ધૈર્ય, વીરતા અને નિર્ભયતા વગેરે ગુણો ક્ષીણ થઈ જાય છે.

ડૉ. મફતભાઈ પટેલનો એક લેખ મેં વાંચ્યો હતો. તેમાં તેમણે અંગ્રેજી ભાષાનો શબ્દ 'ડોન્કી' એટલે ગધેડો. ગુજરાતીમાં જો કોઈ કોઈને ગધેડો કહેતો તેનો અર્થ મૂર્ખ થાય છે. અંગ્રેજી ભાષા ભણનાર ગધેડાને માત્ર ડોન્કી જ સમજે છે. તેનો એક અર્થ 'મૂર્ખ' થાય છે, તેવું સમજતા નથી.

હું અંગ્રેજી શિક્ષણનો વિરોધી નથી, પરંતુ તેના અતિરેક અંગ્રેજિયનો વિરોધી છું. તે આંતરરાષ્ટ્રીય ભાષા હોવાથી તેને અપનાવવાનો પણ વિરોધી છું. કારણ કે એકલી અંગ્રેજી ભાષા જ આંતરરાષ્ટ્રીય ભાષા નથી. બીજી ઘણી ભાષાઓએ પણ આંતરરાષ્ટ્રીય દરજ્જો મેળવ્યો છે. અંગ્રેજી ભાષા ઉપરાંત ફ્રેન્ચ-જર્મન ભાષાને પણ આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા મળી છે.

જેમને આંતરરાષ્ટ્રીય બાબતો સાથે સંબંધ હોય, કે રહેતો હોય એવા લોકોને અંગ્રેજી ભાષા શીખવી આવશ્યક ગણાય. આજે ઘણા એવા દેશો છે કે જેમાં ફ્રેન્ચ કે સ્પેનીશ ભાષા બોલાય છે. અંગ્રેજી ભાષા તો બહુ ઓછા લોકો જાણે છે, અને તે પણ ભાંગી તૂટી !! છતાં યુરોપ અને દક્ષિણ અમેરિકાના આ દેશો પોતાના આંતરરાષ્ટ્રીય વ્યવહાર બહુ સારી રીતે કરી શકે છે.

કમનસીબી ભારતની છે કે ભારતમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ માટે અંગ્રેજી ભાષાનો વ્યાપ

વધારવા માટે અને તેને જાળવી-સાચવી રાખવાની મનોદશા હજી પ્રવર્તી રહી છે.

અંગ્રેજી વિચારધારા અંગ્રેજી શિક્ષણમાંથી જન્મી છે. આજે લોકોનું જીવન અંગ્રેજીમય થઈ ગયું છે. અને પશ્ચિમી સંસ્કૃતિનું ભારતમાં પૂરેપૂરું રોપણ થઈ ગયું છે ! પશ્ચિમી વિચારધારાના ભારતમાં જાળ પથરાઈ છે. ને મૂળ પરંપરાગત ભારતીય વિચારધારાના છેદ ઉડાડવા શરૂ કર્યા છે. અને ભારતીયોને પશ્ચિમ રંગે રંગી, ભારતીય મૂળ સંસ્કૃતિના કતલ કરી ભારતીયોને ઊલટી દિશાએ વાળ્યા છે.

વિદેશોમાં સામાજિક સદભાવનાનું કોઈ વાતાવરણ નથી. ત્યાં કેવળ ભોગવાદ, વિજ્ઞાનવાદ અને રાષ્ટ્રવાદ પ્રવર્તે છે. તેનું ધ્યેય આર્થિક સંપન્ન બનીને જીવનને સુખસગવડવાળું બનાવવાનું છે. સંઘર્ષ કરીનેય જીવનને એશારામી કરવાનું છે.

ભારતમાં અપાતું અંગ્રેજી શિક્ષણ પશ્ચિમ વિચારધારાનું રંગે રંગાયેલું છે. તેમાં વિજ્ઞાન અને ઉદ્યોગોના વિકાસનું જ્ઞાન અપાય છે. ભારતમાં પ્રવર્તમાન માનવીય ગુણો, કુટુંબભાવના, ધાર્મિક આધ્યાત્મિક અને સમદષ્ટિ જેવું ત્યાં ચિંતન નથી. (અંગ્રેજી શિક્ષણે હવે ભારતમાં આ બધાનો લોપ કર્યો છે.)

પશ્ચિમના દેશો જેવું જીવન છેલ્લાં દસ વર્ષ દરમિયાન ભારતના લોકોએ શરૂ કર્યું છે. કારણ કે અંગ્રેજી શિક્ષણમાં આ બધું વેરાયેલું પડ્યું છે. તેમાં સ્વયં સુખીનો જ પડઘો છે. પોતાની આસપાસની દુનિયાની તેને લેશમાત્ર તમા કે પરવા નથી. તેઓએ ભૌતિકવાદ અને તર્ક-વિજ્ઞાનના ગુણ ગાયા છે. વિદેશીઓનું આખું જીવન બહિર્મુખી રહ્યું છે. એ બહિર્મુખ-જીવન આપણે અંગ્રેજી કેળવણીમાંથી શીખી રહ્યા છીએ.

ભારતમાં આજે કેફી દ્રવ્યોનું સેવન ખૂબ વધ્યું છે. ચરસ, દારૂ, અફીણ, ગાંજો અને મેન્ડ્રેક્સ જેવા નશીલા પદાર્થી તત્ત્વની બોલબાલા છે. તેમાંય ગુજરાત મોડલમાં તો તેનો બેહદ-અનહદ વેપાર ચાલતો હોય તેમ રોજેરોજ કરોડો રૂપિયાની કિમતનું ડ્રગ્સ, ગાંજો, ચરસ અને દારૂ પકડાય છે. આવા નશીલા પદાર્થોએ સમાજ જીવનમાં વધારે તનાવ અને માનસિક અશાંતિ ઊભી કરી છે. અંગ્રેજી શિક્ષણની તરફદારી કરનારાઓને શું આ નથી દેખાતું ? આવા અંગ્રેજી પ્રેમીઓ કહે છે કે, હવે અંગ્રેજી વગર ચાલવાનું નથી.

હું આવા અંગ્રેજોના ભક્તોને પૂછવા માગું છું કે, તેઓ કહે છે તેમ ચાલવાનું નથી કે આપણે ચલાવવા દેવા માગતા નથી. અંગ્રેજી ભણેલા મોટા ઉદ્યોગકારો કહે છે અમને નિશાળમાં મળેલું શિક્ષણ વેપારજગતમાં કામ આવતું નથી. કેવળ સાહસ જ કામ લાગે છે.

વેલજીભાઈ દેસાઈ કહે છે કે, કરોડપતિઓ બહુ ભણેલા હોતા નથી. છતાં અરબો-ખરવોનો વેપાર કરી રહ્યા છે. ૯૦% ઉદ્યોગપતિઓ તો માંડ હાઈસ્કૂલ સુધી જ પહોંચ્યાં છે. જે ખૂબ ભણેલા છે તેઓ કબૂલે છે કે, તેમનું ભણતર તેઓને કાંઈ કામમાં નથી આવ્યું.

કાકાસાહેબ કાલેલકરના શબ્દોમાં કહીએ તો – "અંગ્રેજીના શિક્ષણથી અને તેના અતિરેકથી જીવનમાં સ્વચ્છંદતાનું તત્ત્વ એટલું બધું ઘુસી ગયું છે કે સમાજમાંથી વિવેક અને કળા બન્ને લુપ્ત થઈ ગયા છે. માનસિક અને નૈતિક દુર્બળતા ઉપર મનુષ્યને જે શરમ આવવી જોઈએ તે પણ જતી રહી છે. અને જેમ જેમ સ્વચ્છંદતા પ્રબળ થતી જાય છે, તેમ તેમ નૈતિક આદર્શને નીચે ખેંચવા તરફ ભણેલા મનુષ્યોનો ઝોક દેખાઈ આવે છે...

વિદ્વાન કૃપાલાજીનો આક્રોશ તો જુઓ : તે કહે છે કે હવે આપણે આપણા જૂના અંગ્રેજ માલિકોને પાછા લાવીએ અને તેમને આપણા દેશના રાજકીય ક્ષેત્રોમાં પ્રધાનપદે કે મંત્રીપદે સ્થાપીએ !!

ભારતીય શિક્ષણ વ્યવસ્થાના મૂળમાં જ


ISSN 0976-9609

સડો પેસી ગયો છે. ભ્રષ્ટાચાર તથા અનામતનાં ધોરણે થતી શિક્ષકોની ભરતી-પસંદગીએ શિક્ષણને ખળભળાવી મૂક્યું હોવાનું ફલિત થઇ રહ્યું છે. સરકારની નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ પણ મૂળમાં વ્યાપેલા સડાને દૂર કરી શકે એવું લાગતું નથી. આજે મોટા ભાગના શિક્ષકો, પાન, માવા, ગુટકા અને તમાકુનાં બંધાણી છે. તેઓ વિદ્યાર્થીઓને વ્યસનમુક્ત કરી શકે તેમ નથી. કે માનવીય અભિગમ ધરાવતું જીવનદર્શી શિક્ષણ પણ આપી શકે તેટલા કાબેલ નથી. તેનું જીવંત ઉદાહરણ વર્તમાન સમયમાં બની રહેલી અશોભનીય, દુષ્પ્રવૃત્તિઓ, અકુદરતીય વ્યવહારો, સૃષ્ટિ-વિરુદ્ધનાં કૃત્યો, છેડતી, બળાત્કારો, જાતિય અડપલા અને દારૂ, ડ્રગ્સનું સેવન અને વ્યાપાર વગેરે છે. જો બાળકોને ખરી અને જીવનદર્શી કેળવણી મળી હોત તો ભણેલાઓમાં આવી પ્રવૃત્તિઓ પ્રવેશી ન હોત. માટે અંગ્રેજી શિક્ષણની ભયંકરતા સમજી જવાની જરૂર છે. અને અંગ્રેજી શિક્ષણની તરફદારી કરનારાઓને પણ પગથી માથા સુધી ઓળખી લેવાની જરૂર છે એ કંઈ મફતમાં તો અંગ્રેજી ગુણગાન થોડા ગાય ???

C/o. "સંસ્કૃતિ દર્શન" કાર્યાલય
અનુરાગ રતનપરા રો-૦૧, બાગ દરવાજા,
મુ.માણાવદર-૩૬૨૬૩૦ જી. જુનાગઢ
(મો) ૮૭૩૫૯૦૨૪૨૪

## ટાટા બિલ્ડિંગ ઈન્ડિયા સ્કૂલ નિબંધ સ્પર્ધા : ગુજરાત ૨૦૨૩-૨૪

***વિશેષ સિદ્ધિ - હાર્દિક અભિનંદન અને શ્રેષ્ઠ શુભેચ્છાઓ.***



### વિષય : કચરો ઓછા કરવા અને રી-સાયકલિંગને પ્રોત્સાહન આપવા માટે તમે કઈ પાંચ આદતો અપનાવી શકો છો. ?

**ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ગો. જો. શારદા મંદિર :** ધોરણ-૮ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુમારી માર્ગી સંદીપભાઈ બારોટને માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂજી દ્વારા સેકન્ડ રનર-અપ તરીકે રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હી ખાતે સન્માનિત કરવામાં આવી. વધુ ગૌરવની વાત એ છે કે આ દીકરીનું આણંદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ તરફથી પણ સન્માન કરવામાં આવ્યું છે.

આ સિદ્ધિ માત્ર શાળા માટે જ નહિ, પણ સમગ્ર આણંદ જિલ્લામાં શિક્ષણ જગત માટે ગૌરવની વાત છે. આવી દીકરીઓ સમાજ અને દેશનું ભવિષ્ય ઉજળું બનાવે છે. ચારુતર વિદ્યામંડળ આ ગૌરવવંતી સિદ્ધિ બદલ કુમારી માર્ગીને આશિષ સહ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવે છે.

## ।। વ્યક્તિ-વિશેષ ।।

**भाईकाका: विद्यानगर के शिल्पी**

(जन्मदिन : ७ जून १८८८, गुजरात)

**खन्नाप्रसाद अमीन**

जंगल में बसी थी वीरानी,
जहाँ न थी शिक्षा की कहानी ।
पर एक दीया जलाने को,
भाईकाका ने ली अगुवानी।

वल्लभ की धरती का सपूत,
ज्ञान दीप का था वो रूप ।
सारसा की माटी ने जन्मा,
संस्कारों में रचा स्वरूप।

भाईलालभाई द्याभाई पटेल,
जनता का प्रिय, सेवा का मेल।
विधायक बन जनसेवा की,
रची थी एक मिसाल विशेष।

चारुतर विद्यामंडल की नींव,
जहाँ से निकली शिक्षा की तीर।
विद्यालय, महाविद्यालय बने,
विद्या की बही निर्मल नीर ।

वल्लभविद्यानगर की कल्पना,
धरती पर ला दी स्वप्न समाना।
जंगल को मंगल बना डाला,
गूँजा विद्या का मधुर तराना।

सरदार पटेल विश्वविद्यालय,
उनकी सोच की बुनियाद बनी।
आज भी हर ईंट बताती,
भाईकाका की गाथा धनी।

ना थे वो सिर्फ एक नाम,
थे विचारों का उठता संग्राम।
हर युवा की आँखों में,
उनका दिखता शिक्षित स्वप्नधाम।
भारत में जो शिक्षा का दीप,
जलता है बनकर अजेय टीम,
उसके मूल स्तंभों में,
भाईकाका हैं परम महान!

आज जन्मदिन पर उनका,
श्रद्धा से करते हम वंदन।
ऐसे युगद्रष्टा, कर्मयोगी को,
नमन करे ये पूरा जनजन।

जय हो भाईकाका!
जय हो शिक्षा के इस महान तपस्वी की!

४०, शुभम् बंगलोज, धर्मी बंगलोज के पास,
जोगणी माता रोड, बाकरोल-३८८३१५
तहसील एवं जिला-आणंद,
गुजरात सचलभाष-९८२४९५६९७४

## ।। વિદ્યાવૃત્ત ।।

### ગો. જો. શારદા મંદિર માધ્યમિક વિભાગ (કન્યા શાળા)

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો. શારદા મંદિર માધ્યમિક વિભાગ (કન્યા શાળા)ને ગુજરાત રાજ્ય શાળા એક્રેડિટેશન (ગુણોત્સવ ૨.૦) અંતર્ગત A ગ્રેડ પ્રાપ્ત થયો છે જે સમગ્ર વલ્લભવિદ્યાનગર અને ચરોતર વિસ્તાર માટે ગૌરવની બાબત છે.


ISSN 0976-9609

॥ વૈશ્વિક ॥

## ૧૨ જૂન-વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ

ભાનુ એમ. પરમાર

બાળક એ સમાજનું એવું બીજ છે જેને સાચું અને યોગ્ય વાતાવરણ મળે તો તે ભવિષ્યનું સુંદર ફળ આપતું વૃક્ષ બને છે. જ્યારે બાળક શાળાના વર્ગખંડના બદલે કારખાનાની ભઠ્ઠી કે કોઈ ચાની ટપરી પર જોવા મળે ત્યારે દેશની પ્રગતિ અટકે છે. ભારત સરકાર આ બાબતની ગંભીરતાને સમજીને બાળ મજૂરીની સમસ્યાને સમાપ્ત કરવા માટે અનેક પગલાં લઈ રહી છે. ભારતીય બંધારણની કલમ-૨૩માં જોખમી ઉદ્યોગોમાં બાળકોને મજૂરી માટે રાખવા પર પ્રતિબંધ મૂકાયો છે. જે અંતગર્ત ગુજરાતમાં બાળ મજૂરીના દૂષણને નાથવા માટે શ્રમ આયુક્તની કચેરી દ્વારા છેલા પાંચ વર્ષમાં ચાર હજારથી વધુ રેડ પાડીને ૬૧૬ બાળકોને મુક્ત કરાવીને મજૂરીએ રાખનાર આવા એકમો પાસેથી રૂા. ૨.૮૮ લાખથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો છે.

ગુજરાતમાં બાળ મજૂરીના દૂષણને નાથવા માટે શ્રમ આયુક્તની કચેરી કાર્યરત છે. આ કચેરી દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં ૬૧૬ બાળકોને બાળમજૂરીમાંથી મુક્ત કરાવવામાં આવ્યા છે. જાન્યુઆરી ૨૦૨૦ થી એપ્રિલ ૨૦૨૫ સુધીમાં રાજ્યભરમાં ૪૮૨૪ જેટલી રેડ કરીને ૪૫૫ બાળ શ્રમિકો અને ૧૬૧ તરુણ શ્રમિકો એમ કુલ ૬૧૬ બાળ તરુણ શ્રમિકોને મુક્ત કરાવ્યા છે. જે અંતગર્ત મજૂરીએ રાખનાર આવા એકમો પાસેથી કુલ રૂા. ૭૨.૮૮ લાખ કરતાં વધુનો દંડ પણ વસૂલવામાં આવ્યો છે. રાજ્યમાં આ કાયદા હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં દોષિતો સામે કુલ ૭૯૧ ફોજદારી કેસ દાખલ કરવામાં આવ્યા છે. કુલ ૩૩૯ એફ.આઈ.આર. નોંધવામાં આવી છે.

બાળ મજૂરીને નાથવા માટે દર વર્ષે તા. ૧૨ જૂનને 'વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ભારત સરકારે વર્ષ ૧૯૮૬માં બાળ મજૂરી નિષેધ અને અધિનિયમ કાયદો પસાર કર્યો હતો. આ અધિનિયમ ૦ થી ૧૪ વર્ષના બાળકોને કોઇપણ પ્રકારના કામ પર રાખવા માટે સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો છે. આ ઉપરાંત ૧૪ થી ૧૮ વર્ષના તરુણોને જોખમી ધંધાઓમાં પ્રતિબંધ અને બિનજોખમી ધંધા-વ્યવસાય પર રાખવા માટે જરૂરી નિયમો હેઠળ જોગવાઈ કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬માં આ અધિનિયમમાં કરાયેલા સુધારા બાદ કાયદાનું નામ 'બાળ અને તરુણ શ્રમયોગી (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ' કરવામાં આવ્યું છે.

બાળ અને તરૂણ શ્રમયોગી (પ્રતિબંધ અને નિયમન) કાયદાનો ભંગ કરનાર સામે દંડની જોગવાઈ કરવામાં આવી હતી જેમાં ગુજરાત સરકારે સુધારો કર્યો છે. આ કાયદામાં દંડની જોગવાઈમાં સુધારો કરનાર ગુજરાત એક માત્ર રાજ્ય છે. ગુજરાતમાં કરવામાં આવેલા સુધારા મુજબ કાયદાના ભંગ બદલ ૬ માસથી બે વર્ષ સુધીની કેદ અથવા રૂા.૨૦ હજારથી લઈને એક લાખ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જ્યારે દોષિતો આ જ પ્રકારનો ગુનો બીજીવાર કરે તો તેવા સંજોગોમાં ૧ વર્ષથી લઈને ૩ વર્ષ સુધી જેલની સજાની જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્યમાં બાળમજૂરી વિરોધી કાયદાના અસરકારક અમલીકરણ માટે દરેક જિલ્લામાં કલેકટરશ્રીની અધ્યક્ષતામાં એક વિશેષ જિલ્લા ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવે છે. આ ટાસ્ક ફોર્સ દ્વારા દર મહિને નિયમિત બેઠક યોજી રેડનું આયોજન કરી બાળ મજૂરોને મુક્ત કરાવે છે. બાળ મજૂરી અટકાવવા માટે રેડ કર્યા બાદ બાળકો રેસ્કયુ કરીને તેમનું રિહેબિલિટેશન (પુનર્વસન) પણ કરવામાં આવે છે.

મુક્ત કરાયેલાં બાળકોને ચિલ્ડ્રન હોમમાં આશ્રય આપવામાં આવે છે. અને ચાઈલ્ડ વેલફેર

કમિટી (CWC) દ્વારા જરૂરી તપાસ બાદ માતા-પતાને સોંપવામાં આવે છે. બિન-ગુજરાતી બાળકોને તેમના રાજ્યની (CWC) મારફતે વાલીઓને સુરક્ષિત રીતે સોંપવામાં આવે છે. મુક્ત કરાયેલાં તમામ બાળકોની ઉંમર પ્રમાણે શાળા પ્રવેશ અપાવે છે. મુક્ત કરાયેલ બાળકનાં માતા-પિતા પાસે કોઈ આર્થિક ઉપાર્જનનું સાધન ન હોય, તો જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા સંચાલિત વિવિધ રોજગારલક્ષી યોજનાઓનો લાભ અપાવી તેમના પરિવારનું આર્થિક સશક્તિકરણ કરવામાં આવે છે.

વિશ્વભરમાં આ વર્ષે ૨૦૨૫માં સેફ એન્ડ હેલ્ધી પેઢી થીમ સાથે વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ ઉજવવામાં આવશે. જેનો ઉદ્દેશ્ય યુવાન કામદારોની સલામતી, આરોગ્યમાં સુધારો કરવાનો અને તમામ પ્રકારની બાળ મજૂરીનો વહેલામાં વહેલી તકે અંત લાવવાનો છે.

---

પ્રિન્સિપાલ
નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કૉલેજ,
વલ્લભ વિદ્યાનગર.

---

*God is always faithful to bring rain.*

* * *

*"The way I see it, if you want the raindow, you gotta put up with the rain"*

**- Dolly Parton**

* * *

*"The beauty of the rain is how it falls"*

**- Dar Williams.**

 ISSN 0976-9609

# સીવીએમ યુનિવર્સિટી દ્વારા રાષ્ટ્રીય સેમિનારનું આયોજન








સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઈફ એન્ડ વર્ક ઓફ સરદાર વલ્લભભાઈ પટેલ (સેરલિપ), સીવીએમ યુનિવર્સિટી દ્વારા ૨૭ થી ૨૮ મે, ૨૦૨૫ના રોજ બે દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીના ચેરમેનશ્રી એન્જિ. ભીખુભાઈ પટેલ, ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખશ્રી મનીષભાઈ પટેલ તથા ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીના માનદ્ સહમંત્રીશ્રી મેહુલભાઈ પટેલના માર્ગદર્શન અને પ્રેરણાથી આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.

''સરદાર પટેલની જાતિ સમાનતા, સામાજિક ન્યાય અને ખેડૂતોના અધિકારો પ્રત્યે પ્રતિબદ્ધતા'' વિષયક સેમિનારનું આયોજન સેરલિપના ઈન્ચાર્જ ડૉ. અર્ચના બન્સોડ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સેમિનાર ભારતીય સામાજિક વિજ્ઞાન સંશોધન પરિષદ (આઈ.સી.એસ.એસ.આર.) નવી દિલ્હીની રાષ્ટ્રીય એકતા યોજના અંતર્ગત પ્રાયોજિત હતું.

આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના માનદ્ મંત્રી ડૉ. એસ. જી. પટેલ, સી.વી.એમ. યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પ્રો.(ડૉ.) સંદીપ વાલિયા, ઈન્ચાર્જ પ્રોવોસ્ટ પ્રો.(ડૉ.) હેમંત ત્રિવેદી, મુંબઈ યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના વડા ડૉ. સંદેશ વાઘ તથા ગુજરાત યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના વડા ડૉ. અરુણ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં સંશોધકો અને વિદ્વાનો મોટી સંખ્યામાં જોડાયા હતા તથા ઑનલાઈન અને ઑફલાઈન બંને માધ્યમમાં સંશોધન પેપર રજૂ કર્યા હતા. આ રાષ્ટ્રીય સેમિનાર માત્ર શૈક્ષણિક પ્રવૃત્તિ ન રહી, પણ તે સરદાર પટેલના જીવન અને કાર્યને સમર્પિત એક ભાવસભર શ્રદ્ધાંજલિ બની રહી, જેમાં તેમના વિચારોને આગળ ધપાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

BOOK POST
July 2025

V-Vidyanagar 27 (07)
Published on 05/07/2025
No. of Pages 40 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2024-26
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month





ગુજરાત યોગ બોર્ડ દ્વારા પ્રમુખસ્વામી બેન્કવેટ હોલ આણંદ ખાતે આયોજિત ૧૧મા વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં યોગ અભ્યાસ કરી રહેલ ચારુતર વિદ્યામંડળની વિવિધ સંસ્થાઓના શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓ દૃશ્યમાન થાય છે.


**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )